પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૯/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૩૮

**સુવિચાર**

''જે પાણીથી ન્હાય છે એ કપડાં બદલી શકે છે, જે પરસેવે ન્હાય છે એ ભાગ્ય બદલી શકે છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
રવિવાર સ્પે.
સ્પે.ઉંધિયુ, ખાંડવી, ઢોકળા, રસપાત્રા, ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## સરદાર સન્માન યાત્રાનાં આયોજક અને સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાની જન્મભૂમિ

# ચમારડી ખાતે ''સરદાર સન્માન યાત્રાનું'' ઐતિહાસિક સ્વાગત

**દરેક સમાજનાં આગેવાનો અને નાગરિકોએ ઉપસ્થિત રહીને સરદાર સન્માન યાત્રાને ફુલડે વધાવી**

**નાના એવા ગામમાં આબાલ, વૃધ્ધ, મહિલાઓ સહિત સૌ કોઈ દેશભકિતનાં રંગે રંગાયા**

**યાત્રાનાં આયોજક ગોપાલભાઈ વસ્તરપરા સરદાર પટેલનાં કાર્યોને યાદ કરતાં ભાવુક બન્યા**

**સમગ્ર જિલ્લાનાં રાજકીય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહૃાા**



અમરેલી, તા. ૧૯
દેશની અખંડ એકતાના પ્રતીકસર્વસમાજનાહૃદયમાંવસેલાસૌના સરદાર એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ પર્વ નિમિત્તેસરદારવલ્લભભાઈ પટેલનીકર્મ ભૂમિ એવા બારડોલી થી સોમનાથ સુધી સરદાર સન્માન યાત્રા મુખ્ય આયોજક ગોપાલભાઈ વસ્તરપરાચમારડીમાદરે વતન આવી પહોંચી હતી જેમાં સમસ્ત ચમારડી ગામ અને સર્વ સમાજના મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો, નાના ભુલકાઓ સહિત ચમારડી બસ સ્ટેશન ખાતે ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. સરદાર સન્માન યાત્રામાં રાત્રિના ચમારડીગામનાઆંગણેરાત્રિનારાષ્ટ્રીય તિરંગાનીસાથેદેશભકિતમાહોલસર્જાયો હતો. ત્યાર બાદ સરદાર સન્માન યાત્રા ચમારડીજનતાવિદ્યાલયનાપટાંગણમાં સભા સ્થળે પહોંચી હતી. ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલનીવિચારધારાનુંસંબોધન કરવામાં આવ્યું હતું. ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા વિવિધ સમાજના આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે ચમારડી ગામના સર્વસમાજના લોકોનો પ્રેમ ભાવ અને એકતાની સાથે જે યાત્રામાં ઉપસ્થિત રહૃાા તે જોઈને ગોપાલભાઈ વસ્તરપરા ભાવુક બન્યા હતા અને સમસ્ત ચમારડી ગામનો

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
99,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

24/7 ઈમરજન્સી
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
હૃદય રોગ, ડાયાબીટીસ, બી.પી., પેરાલીસીસ, ડેન્ગ્યુ, ઝેરી તાવ, ઝેરી ઝાડા ઉલટી,
શ્વાસ-ફેફસાના રોગોની સારવાર, હૃદયનો ઈકો-કાર્ડિયોગ્રામની સુવિધા
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

નિલકંઠ જ્વેલર્સ
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
Mo. 96018 98981 / 98250 91721
સુવર્ણ અંલકારોની વિસ્તૃત શ્રેણી
અમરેલી શહેરને આંગણે...
સોનાના હોલમાર્ક તથા ચાંદીના દાગીનાનું
જ્વેલરી એક્ઝીબીશન
૨૧ ૦૯ ૨૦૨૫
રવિવાર
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
સ્થળ : સંઘવી ધર્મશાળા (ACHALL) બીજા માળે, સ્ટેશન રોડ, અમરેલી
251/-* થી 92.5 સ્ટર્લીંગ સીલ્વર રીંગ
રાજકોટ બ્રાંચ
નિલકંઠ જ્વેલર્સ
પેલેસ રોડ, ભગવતી હારડકુટની સામે, રાજકોટ
Mo. 95375 25000
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક
તા. ૦૧, જુન-૨૦૨૫ થી તા. ૧૫, ડીસેમ્બર-૨૦૨૫

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ.સવિતાબેન નાનજીભાઈ કાચા (ઉ.વ.૭૩)**
સ્વ.તા.૧૭-૦૯-૨૦૨૫, બુધવાર, ગામ : બાબરા

સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી સવિતાબેન નાનજીભાઈ કાચા (ઉ.વ.૭૩), મુ.બાબરાવાળાનું તા.૧૭-૦૯-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના....

સદ્‌ગતનું બેસણું : તા.૨૨-૦૯-૨૦૨૫, સોમવાર, સાંજે ૩:૦૦ થી ૬:૦૦
સ્થળ : અમારા નિવાસસ્થાને 'રામનગર સોસાયટી' રાજકોટ - ભાવનગર હાઈ-વે, બાબરા મુકામે રાખેલ છે

લી.
અનિલભાઈ નાનજીભાઈ કાચા : ૯૪૨૭૨ ૭૭૬૦૬
ભરતભાઈ નાનજીભાઈ કાચા : ૯૪૨૭૧ ૭૨૭૯૧
કાચા પરિવારના 'જય સ્વામિનારાયણ'

### સ્વચ્છતા અભિયાન વચ્ચે કડવી વાસ્તવિકતા

# અમરેલીનાં ઓમનગરનાં રહેવાસીઓ ગટરનાં ગંધાતા પાણીથી તોબા પોકારી ગયા

### સ્થાનિકોએ શાસકો સમક્ષ રજૂઆત કરી



અમરેલી, તા. ૧૯

અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ ઓમનગરનાં રહેવાસીઓ ગટરનાં ગંધાતા પાણીથી તોબા પોકારી ચુકયા હોય સ્થાનિકોએ સહી ઝુંબેશ કરીને સાશકોને ગંધાતા ગટરની સમસ્યાથી દુર કરવા માંગ કરેલ છે.

એક તરફ પાલિકાથી લઈને રાજય અને કેન્દ્ર સરકાર સ્વચ્છતા અભિયાન ચલાવી રહી છે. અને બીજી તરફ નાગરિકો ગંદકીથી તોબા પોકારી ચૂકયા છે. અને વાસ્તવિકતા સામે આવી રહી છે.

### બેન્કનાં મેનેજરે નુકસાનીની રકમ જાહેર કરી

# બગસરાની એસબીઆઈમાં આગ લાગવાથી ૨૮.૪૮ લાખનું નુકસાન

### એ.સી., સીસીટીવી સહિતનાં ઉપકરણો નાશ પામ્યા


અમરેલી, તા. ૧૯

બગસરા ગામે અમરપરા વિસ્તારમાં આવેલ એસ.બી. આઈ. બેંકમાં ગત તા. ૧૮ ના રાત્રીના દોઢથી બે વાગ્યાના સમયમાં આગ લાગવાથી બેંકના વર્ક રૂમ, એરીયામાંથી આગ પ્રસરી અને કાઉટર એરીયામાં આગ લાગતા બેંકમાં લગાવેલ એ.સી. નંગ ૮ તેમજ સેન્ટ્રલ એસી નંગ ૧, ફાયર ડીટેકશન એલાર્મ સીસ્ટમ, સીકયુરીટી એલાર્મ સીસ્ટમ, સી.સી.ટી.વી. સીસ્ટમ, કોમ્પ્યુટરટ નંગ ૪, ચલણી નોટ ગણવા માટેનું મશીન નંગ ૧, નોટ કાઉન્ટીંગ મશીન નંગ ૨, પાસબુક પ્રિન્ટર મશીન નંગ ૧, રીવોલ્વીંગ ખુરશી નંગ ૪, તેમજ સીલીંગ ફોલ્સ, વુડન પાર્ટીશન, રજીસ્ટ્રો વાઉચરો, કસ્ટરમરની અરજીઓ, લોન ફાઈલ, ફાયરના બાટલાઓ નંગ ૩, ટેબલ નંગ ૩, સીલીંગ ફેન નંગ ૨, સ્કેનર મશીન નંગ ૧, કલર કરેલ દિવાલ, ઈલેકટ્રીકલ વાયરીંગ સહિત આગ લાગતા બેંકને આશરે રૂપિયા ૨૮,૪૮,૦૦૦ નું નુકશાન થયાનું એસ.બી.આઈ બેંકના મેનેજર યશવંત મફતલાલ સોલંકીએ પોલીસમાં જાહેર કરેલ છે.

### સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા બારડોલીથી સોમનાથ સુધી યાત્રા શરૂ

# અમરેલીમાં આજે સરદાર સન્માન યાત્રાનું દબદબાભેર આગમન : ભવ્યાતિભવ્ય કરાશે સ્વાગત

### શહેરની જુદી–જુદી ધાર્મિક, સામાજિક સંસ્થાઓનાં પ્રતિનિધિઓ જોડાશે



અમરેલી, તા. ૧૯

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી પૂર્વે સરદાર પ્રેમી અમરેલી જિલ્લાના પનોતા પુત્ર ગોપાલભાઈ વસ્તરપરા ચમારડીવાળા તરફથી કર્મભૂમિથી લઈ ધર્મભૂમિ સુધીની સરદાર સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તારીખ ૨૦મી સપ્ટેમ્બરે સાંજે ૬ કલાકે સરદાર સન્માન યાત્રા અમરેલી શહેરમાં આવી રહી છે. આ સન્માન યાત્રાને સત્કારવા માટે અમરેલી શહેરની જુદી જુદી ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ , રાજકીય સંસ્થાઓ અને વૈકિ સંસ્થાઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સરદાર સન્માન યાત્રા સાંજે ૬:૦૦ કલાકે અમરેલી શહેરમાં પધારશે. લાઠી રોડ પર આવેલ ગણેશ પાર્ટી પ્લોટથી શોભાયાત્રાની શરૂઆત થશે. વીર હમીરસિંહજી ગોહિલની પ્રતિમાને ફુલહાર કરી શોભાયાત્રા આગળ વધશે. જેમાં વલ્લભ ચેમ્બર્સ, શ્રીજી વિદ્યાર્થી ભુવન, પટેલ મંડપ સર્વિસ, મઢુલી પાઉંભાજી, હોટલ ઢેબરા, વિદ્યાસભા, કોલેજ સર્કલ, મેડિકલ કોલેજ, માણેક સ્તંભ ચોક, ડોકટર હાઉસ, સરદાર સર્કલ, ગાંધી, હરિરામ બાપા ચોક, ભોજલરામ બાપા મંદિર, નાગનાથ મહાદેવ મંદિર, સંત મુળદાસ બાપાની મૂર્તિ થી રાજકમલ ચોક સુધીમાં, શ્રી સ્વામિનારાયણ મંદિર પાણી દરવાજા, સ્વાધ્યાય પરિવાર, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ મહિલા મંદિર કેરિયર રોડ, શ્રી વૈષ્ણવો હવેલી, શ્રી બ્રહ્માકુમારી કેરીયા રોડ, શ્રી ગાયત્રી પરિવાર, નાગનાથ ધૂન મંડળ, રામેર ધૂન મંડળ સહિતની ધાર્મિક સંસ્થાઓ, લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન–સીટી અને રોયલ, રોટરી કલબ ઓફ અમરેલી મેઈન–સીટી અને ગીર, અમરેલી વેપારી મહામંડળ, અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ, ટાવર ચોક વેપારી એસોસિએશન, જીઆઈડીસી એસોસિયેશન, મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન, સારહી યુથ કલબ ઓફ અમરેલી, વકીલ મંડળ, બાર એસોસિએશન, વિ હિન્દુ પરિષદ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, કૈલાશ મુકિતધામ સમિતિ સહિતની સામાજિક સંસ્થાઓ, અમરેલી જિલ્લા ભાજપ પરિવાર, અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર, અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટી પરિવાર સહિતની રાજકીય પાર્ટીઓ સહિત શહેરના વિવિધ સમાજો, સામાજિક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ રૂટ પર સરદાર સન્માન યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

સરદાર સન્માન યાત્રાને આવકારવા માટે શહેરભરમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. બાઈક રેલી સાથેની આ શોભાયાત્રામાં જોડાવા માટે યુવાનોથી લઈ વડીલોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સરદાર સન્માન યાત્રામાં જોડાવા માટે લેઉવા પટેલ સમાજ, ખોડલધામ સમિતિ, કડવા પટેલ સમાજ, લોહાણા સમાજ, સમસ્ત બ્રહ્મ સમાજ, માલધારી સમાજ, આહિર સમાજ, ક્ષત્રિય સમાજ, ગુર્જર કડિયા સમાજ, સમસ્ત રાજપૂત સમાજ, કોળી સમાજ, નાય સમાજ, વાંઝા સમાજ, ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, સગર સમાજ, સોની સમાજ, રામાનંદી સાધુ સમાજ, વાલ્મિકી સમાજ, સમગ્ર મોઢ વણિક સમાજ, દલિત સમાજ, સાધુ સમાજ સહિતના સમાજોના આગેવાનો દ્વારા હાંકલ કરવામાં આવી છે. આ અંગે સરદાર સન્માન યાત્રા અમરેલીના કન્વીનર ડી.કે. રૈયાણીના માર્ગદર્શન નીચે વિવિધ સામાજિક આગેવાનોની કમિટી દ્વારા સમગ્ર કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

### જગતાત ગણાતા ખેડૂતોનાં પગ નીચેથી જમીન સરકી ગઈ

# લ્યો બોલો : અમરેલી જિલ્લામાં ૫ હજાર ખેડૂતોની ટેકાના ભાવે મગફળીની વેચાણની નોંધણી રદ થઈ

### ડીજીટલ ઈન્ડિયાથી જગતાતને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે




અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે (એમ.એસ.પી) મગફળી વેચવા માટે નોંધણી કરાવનાર ૫,૦૦૦થી વધુ ખેડૂતોના રજિસ્ટ્રેશન અચાનક રદ થતા ખેડૂતવર્ગમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ખેડૂતોને તેમના મોબાઈલ પર સીધો રજિસ્ટ્રેશન રદ થયાનો મેસેજ મળતા નિરાશા અને આક્રોશની લાગણી પ્રસરી ગઈ છે. હવે આ મુદ્દે રાજય સરકારે તાત્કાલિક હસ્તક્ષેપ કરવો જોઈએ તેવી જોરદાર માંગ ઉઠી છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે તેઓ આખું વર્ષ મહેનત કરીને મગફળીનો પાક ઉભો કરે છે. ખેતીમાં બિયારણ, દવા, ખાતર, મજૂરી સહિતનો ભારે ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ પાક તૈયાર થયા બાદ તેને યોગ્ય ભાવમાં વેચાણ કરવાની તક કાપી નાખવામાં આવી છે. ટેકાના ભાવે વેચાણ કરવાની સુવિધા ખેડૂતો માટે એક સુરક્ષા કવચ સમાન છે, કારણ કે બજારમાં ઘણીવાર મગફળીનો ભાવ એમ.એસ.પી. કરતા ઓછો રહે છે. આવી પરિસ્થિતિમાં CCI (Cotton Corporation Of India) દ્વારા રજિસ્ટ્રેશન રદ કરવાના મેસેજ મળતા ખેડૂતો પોતાને છેતરાયેલા અનુભવી રહ્યા છે.

ખેડૂતોનો વધુમાં એવો આક્ષેપ છે કે રજિસ્ટ્રેશન પ્રક્રિયા દરમ્યાન તેઓએ તમામ જરૂરી દસ્તાવેજો અને વિગતો પૂરી પાડેલી હતી. તેમ છતાં, કોઈ સ્પષ્ટ કારણ આપ્યા વગર એકતરફી રીતે રજિસ્ટ્રેશન રદ કરવું યોગ્ય નથી. કેટલાક ખેડૂતોનો એવો દાવો છે કે સિસ્ટમની ખામી અને કાગળ પત્રની ભૂલને કારણે રજિસ્ટ્રેશન રદ કરાયા હોઈ શકે છે, પરંતુ તેનો ખમિયાજો ખેડૂતોને શા માટે ભોગવવો પડે?

આ પરિસ્થિતિએ ખેડૂતોમાં અશાંતિ ફેલાઈ છે અને સરકાર સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. ખેડૂતો ઈચ્છે છે કે રદ કરાયેલા રજિસ્ટ્રેશનની પુનઃતપાસ કરવામાં આવે અને યોગ્ય ખેડૂતને ટેકાના ભાવે પાક વેચવાની તક આપવામાં આવે.

જિલ્લામાં ખેડૂતોનું કહેવું છે કે જો આ મુદ્દે યોગ્ય પગલાં નહીં લેવાય તો તેઓ આંદોલનના માર્ગે ઉતરશે. બીજી તરફ, સ્થાનિક કૃષિ મંડળો અને ખેડૂત સંગઠનો પણ આ મુદ્દે એકજૂટ થઈને ખેડૂતોને ન્યાય અપાવવા માટે સરકાર પર દબાણ લાવવાની તૈયારીમાં છે.

ખેડૂતો માટે આર્થિક નુકસાનની સાથે સાથે માનસિક તણાવ પણ વધી રહ્યો છે. સરકાર અને સબંધિત તંત્રે તાત્કાલિક આ મામલે ગંભીરતાથી પગલાં લેવાની જરૂર છે. જેથી ખેડૂતોની મહેનત પર પાણી ન ફરી વળે અને તેમની પાકને યોગ્ય ટેકાના ભાવે વેચાણ કરવાની સુવિધા પુનઃસ્થાપિત થાય.

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની જહેમત સફળ

# લાઠી પંથક માંથી પસાર થતી ઝરખડી નદીને ૧૭ કરોડનાં ખર્ચે ઊંડી ઉતારાશે

### ઝરખીયા, અડતાળા, ટોડા, દુધાળા સહિતનાં ગામોને લાભ







અમરેલી, તા. ૧૯

લાઠી પંથકમાં જળ સંચયની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. લાઠીના ઝરખીયા, અડતાળા, તોડા અને દુધાળા ગામોની જીવાદોરી સમાન ઝરખડી નદીને ઊંડી ઉતારવા માટે સરકારે રૂ. ૧૭ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી સમગ્ર પંથકના ખેડૂતો અને સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે.

છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારના ખેડૂતો ઝરખડી નદીને ઊંડી અને પહોળી કરવાની માંગ કરી રહ્યા હતા. જેથી ચોમાસામાં વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય અને ઉનાળામાં પાણીની સમસ્યા હળવી થઈ શકે. આ માંગને ધ્યાનમાં રાખીને, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રશ્નને સરકાર સમક્ષ જોરદાર રીતે રજૂ કર્યો હતો. આ બંને જનપ્રતિનિધિઓની મહેનત અને અથાગ પ્રયાસોને કારણે આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. રૂ. ૧૭ કરોડના ખર્ચે થનારા આ કામથી નદીની જળસંગ્રહ ક્ષમતામાં અનેક ગણો વધારો થશે. આનાથી માત્ર સિંચાઈ માટે જ નહીં, પરંતુ ભૂગર્ભજળ સ્તરને ઊંચો લાવવામાં પણ મદદ મળશે, જે સમગ્ર વિસ્તાર માટે લાંબાગાળે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

આ અંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, 'અમારી પ્રાથમિકતા ખેડૂતોની સુખાકારી છે. ઝરખડી નદી ઊંડી થવાથી આ વિસ્તારના હજારો ખેડૂતોને સીધો લાભ થશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો થશે.'

ધારાસભ્યએ પણ આ નિર્ણયને આવકારતા કહ્યું હતું કે, 'આ પ્રોજેકટથી લાઠીના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે. અમે ખેડૂતોની પડખે છીએ અને તેમના હિત માટે હંમેશા પ્રતિબધ્ધ રહીશું.' આ પ્રોજેકટનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. તેવી આશા છે. આ સમાચારથી સ્થાનિક લોકોમાં ઉત્સાહનો માહોલ છે અને તેઓ આ પહેલને 'જળક્રાંતિ' તરીકે ગણાવી રહ્યા છે.

# બાબરા ખાતે પ્રધાનમંત્રીનાં જન્મદિને શ્રી નીલકંઠ મહાદેવ મંદિરે પૂજન અર્ચન કરાયુ







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ પર ભાજપ પરિવાર દ્વારા સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ ધાર્મિક સામાજિક અને પર્યાવરણ લક્ષી કામગીરી કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે શહેર ભાજપ દ્વારા અહીં બાબરા શહેરમાં આવેલ પૌરાણીક શિવાલય નીલકંઠ મહાદેવના મંદિરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશ વાવડીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, કારોબારી સમિતિમાં ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, અજિતભાઈ ખોખરીયા, પ્રતાપભાઈ ખાચર, શહેર ભાજપના પુર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, દેવશીભાઈ મારૂ, કરીમભાઈ કોટડીયા, રમેશભાઈ સાંગડિયા, કલ્પેશભાઈ ખખ્ખર, ભરતભાઈ રંગપરા સહિતના ભાજપના અગ્રણીઓ જોડાયા હતા અહીં મહાદેવને રૂદ્રાભિષેક કરી પ્રધાનમંત્રીના નિરોગી દીર્ઘાયુ માટે મંગલકામના કરવામાં આવી હતી.

# ''સંસ્કારિતાની ઈજારાશાહી હોય ખરી ?''

## પગદંડી/લેખન

– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

ત્રણેક વર્ષ પહેલાંની વાત છે. રોજની જેમ હું પેપર વાંચતી હતી. જૂન મહિનો હતો અને બારમા ધોરણની પરીક્ષાનું રિઝલ્ટ આવ્યું હતું. લગભગ આખું પહેલું પાનું કોમર્સ અને સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓના ફોટા અને નામોથી ભરાઈ ગયું હતું. હું તો શિક્ષકની દીકરી અને વ્યવસાયે પણ શિક્ષક, તેથી આ હોશિયાર વિદ્યાર્થીઓને જોઈને હંમેશાં ખૂબ હરખાઉં. આપણે બધાં મનોમન જાણીએ છીએ કે બોર્ડમાં આવવું તે કાંઈ કોઈની હોશિયારીનું સાચું પરીક્ષણ નથી, છતાંય લાખો વિદ્યાર્થીઓમાં એકથી દસમાં આવવા માટે હોશિયારી ઉપરાંત ધગશ, મહેનત કરવાની શકિત તથા બીજા ઘણાબધા ગુણોની જરૂરિયાત હોય છે.બધા ફોટાઓમાં એક છોકરાનો ફોટો મારૂ ખૂબ જ ધ્યાન ખેંચી ગયો. તેની પરથી નજર જ ન હટે. ખૂબ જ પાતળો, ફિક્કો અને આંખમાં ગજબની ચમક. વિદ્યાનું, ખાનદાનીનું એક અકળ તેજ અને ખુમારી. ફોટા સાથે તેનું નામ માત્ર હતું શૈલેશકુમાર કિશનલાલ ડામોર. બારમા સાયન્સમાં ડાંગ જિલ્લાના આહવા સેન્ટરમાંથી બેઠેલો અને આઠમો આવેલો. બસ, આથી વધુ કોઈ માહિતી ન મળી. બીજા દિવસે પેપરમાં શૈલેશકુમારનો ફરી ફોટો જોઈને હું નવાઈ પામી. આ વખતે તેનો ઈન્ટરવ્યૂ પણ હતો. આખોય ઈન્ટરવ્યૂ હું ખૂબ જ રસપૂર્વક વાંચી ગઈ. ખૂબ જ ગરીબ કુટુંબના પાંચ ભાઈ ભાંડુમાંથી શૈલેશ સૌથી મોટો હતો. બાપુ નાની–મોટી મજૂરીનું કામ કરે અને મા વાંસની ચીજવસ્તુઓ બનાવવા જાય. દિવસના રૂ. ૪૦/–ની કુલ આવક. કમાણીનું બીજું કોઈ સાધન નહીં. ઈન્ટરવ્યૂમાં શૈલેશે આગળ ભણવાની કોઈ જ ઈચ્છા વ્યકત કરી ન હતી. ગામથી દૂર, સારી કોલેજમાં ભણવું તેને પરવડે



તેમ હતું જ નહીં. શૈલેશના અંધકારમય ભવિષ્ય વિશે વિચારતાં હું ખૂબ દુઃખી થઈ ગઈ. આ તેજસ્વી વિદ્યાર્થીનો હાથ પકડનાર કોઈ નહીં મળે ? આપણે આપણાં બાળકોને મોંઘાં મોંઘાં પુસ્તકો, ગાઈડો, રેફરન્સ બુક્સ, સ્યોર સજેશન, અપેક્ષિત, છેલ્લાં દસ વર્ષનાં પેપરોના સેટ, બધું જ ધડાધડ અપાવી દઈએ છીએ. મોંઘીદાટ સ્કૂલોમાં ભણવા મોકલીએ છીએ. લટકામાં, દરેક વિષયનાં ટ્યૂશન રાખીએ, કોચિંગ ક્લાસમાં મોકલીએ. બાળક થાકી ન જાય તે માટે તેને લેવા–મૂકવા જઈએ કે ટુ વ્હીલર અપાવી દઈએ. ગજા ઉપરાંતનો ખર્ચો કરી કાઢીએ. બીજી તરફ, ક્યાં ડાંગનો આ આદિવાસી છોકરો ! જીવનજરૂરિયાતની સામાન્ય ચીજવસ્તુઓ વગર પણ બોર્ડમાં આઠમો આવ્યો હતો. ન કોઈ ટ્યૂશન, ન કોઈ કોચિંગ ક્લાસ. બસ, મહેનત, ધ્યેય પ્રાપ્તિ માટેની અદમ્ય ઝંખના.

ઈન્ટરવ્યૂ લેનારે છેક નીચે શૈલેશકુમારનું સરનામું આપ્યું હતું. મેં મનોમન કંઈક વિચારીને તેને એક પોસ્ટકાર્ડ લખ્યું. ફકત ચાર લીટીનું. 'ભાઈ શૈલેશ, અભિનંદન. તારા જેવા તેજસ્વી વિદ્યાર્થીએ ફક પૈસાની તકલીફને કારણે ભણવાનું ન છોડવું જોઈએ. મને મળવા અમદાવાદ આવી શકીશ ?'

મારા બાપુજી તે વખતે જ મોર્નિંગ વાક લઈને પાછા ફર્યા હતા. પોસ્ટકાર્ડ જોઈને મને કહે, 'બેટા, આ ગરીબ છોકરો છેક ત્યાંથી અહીં આવશે કેવી રીતે ? બસભાડું કયાંથી કાઢશે ? તેની પાસે એક જોડી સરખાં કપડાંય નહીં હોય. ફોટામાં તેનું શર્ટ જોયું ?' મને મારી ભૂલ સમજાઈ. મેં પોસ્ટકાર્ડમાં એક લીટી ઉમેરી, 'જો તું મને મળવા માગતો હોય તો તારૂ જવા–આવવાનું ભાડું તથા કપડાં–લત્તાનો ખર્ચો હું ભોગવીશ.'

ચારેક દિવસ પછી મને મારા જેવું જ પોસ્ટકાર્ડ મળ્યું. ફકચાર લીટીનું. ' મુ. બહેન, ખૂબ ખૂબ આભાર. હું આપને મળવા આતુર છું. અનુકૂળ તારીખ, સ્થળ તથા સમય જણાવશો. લી.'મેં તરત જ મારા બાપુજીના કહેવા મુજબ જરૂરી પૈસા અને ફાઉન્ડેશનની ઓફિસનું સરનામું તેને મોકલ્યાં. નક્કી કરેલા દિવસે તે મારી ઓફિસે આવી પહોંચ્યો. શહેર તેણે પહેલી વાર જોયું હશે. રસ્તો ભૂલી ગયેલું ગભરાયેલું વાછરડું જાણે મારી સામે ઊભું હોય તેમ લાગતું હતું. ચોખ્ખા પેન્ટ–શર્ટ, હાથમાં માર્કશીટની નકલ, તેલ નાખીને, સીધીપાંથી પાડીને ઓળેલા ચપ્પટ વાળ , પગમાં જૂની ચંપલ... પણ આંખમાં એવી જ ચમક.

મેં સીધી જ મુદ્દાની વાત કરી : 'તારી તેજસ્વી કારકિર્દીથી હું અત્યંત રાજી થઈ છું. તારી આગળ ભણવાની ઈચ્છા છે ખરી? તારે જે પણ કોલેજમાં અને જે પણ લાઈનમાં ભણવું હશે ત્યાં તું ભણી શકીશ. ખર્ચો અમે ભોગવીશું.'

પહેલાં પહેલાં તો એ બોલતાં જ ગભરાયો મારી સેક્રેટરી મને કહે, 'બહેન, બિચારો આ શહેર, આ ઓફિસ બધું નવું નવું જોઈને હેબતાઈ ગયો છે. તેને માંડીને વાત કરો. ધીમેધીમે તેને સમજાવો.' મને મારી ભૂલ સમજાઈ. છેલ્લે જતાં જતાં શૈલેશ ધીમેથી કહે, ' બહેન, મને અહીં મેડિકલ, એન્જિનિયરિંગ બધે જ એડમિશન મળ . પણ હું તો સુરત મેડિકલ કોલેજમાં ભણીશ. તે અમારા ગામથી સૌથી વધારે નજીક પડે ને, એટલે.' મેં તેને પૂછયું, 'તારે મહિને કેટલા રૂપિયાની જરૂર પડશે, ભાઈ ? તું પૈસાની ચિંતા ન કરતો, પણ દિલ દઈને ભણજે. ત્યાં રહીશ કયાં ? હોસ્ટેલમાં રહેવું પડશે ને ? તે ખર્ચ પણ મને જણાવજે.'શૈલેશ કહે, 'બહેન, હું અહીંથી જતાં જ સુરત થઈને જઈશ. ફી, હોસ્ટેલ અને મેસ ચાર્જિસ બધું જ બરોબર જાણી, સરવાળો કરીને તમને વળતી ટપાલે જણાવીશ.'થોડા જ દિવસમાં સુંદર અક્ષરે લખેલો શૈલેશનો પત્ર આવ્યો. ' બહેન, મેં બધી જ તપાસ કરી. મહિને ફીના બારસો થશે. પુસ્તકો તો હું લેવાનો જ નથી. લાઈબ્રેરી સરસ છે. હોસ્ટેલમાં રહું અને મેસમાં ખાઉં તો બહુ મોંઘું થાય છે. બીજા ત્રણ સિનિયર છોકરાઓ સાથે રૂમનું નક્કી કર્યુ છે. તેમની જોડે રહીશ. રસોઈ વારાફરતી બનાવી લઈશું. તેના મહિને લગભગ રૂ. ૪૦૦ થશે.' મેં તેને તરત જ રૂ. ૭૨૦૦નો ડ્રાફટ મોકલી આપ્યો. છ મહિનાની ફી એક સામટી ભરવાની હતી. રહેવા ખાવાના ખર્ચા પેટે રૂ. ૨૪૦૦ અલગ મોકલ્યા. તરત જ તેનો 'આભાર' લખેલ પત્ર આવ્યો. છ મહિના ઝડપથી વીતી ગયા. એક દિવસ મને સવારના પહોરમાં શૈલેશને પૈસા મોકલવાનું યાદ આવ્યું. મેં રૂ. ૭૨૦૦નો ડ્રાફટ અને રૂ. ૨૪૦૦ કવરમાં રોકડા મોકલી આપ્યા.

વળતી ટપાલે મને તેનો આભાર વ્યકત કરતો સંદેશ મળ્યો. જોડે એક કવર હતું. એક પત્ર હતો. 'બહેન, છેલ્લા બે મહિનાથી હું સુરત ન હતો. એક મહિનો રજા હતી અને પછી મહિનો હડતાલ પડી. મારે સુરત જવું જ નથી પડ્યું તેથી તમે મોકલેલ ખર્ચા પેટે વધેલા પૈસા રૂ. ૮૦૦ આ સાથે પરત કરૂ છું. સ્વીકારશો.'હું સ્તબ્ધ થઈ ગઈ. આ છોકરાની સચ્ચાઈ જોઈને ગદ્ગદિત થઈ ગઈ. બહોળા કુટુંબનો, ખૂબ જવાબદારીવાળો સૌથી મોટો પુત્ર, રોજના ખાવાનાં સાંસાં, ઘરમાં હાલ્લાં કુસ્તી કરે તેવી સ્થિતિ, વળી યુવાન. એને પોતાનેય સુરત શહેરમાં મજા કરવાની, હોટલમાં ખાવા પીવાની, ફિલ્મ જોવાની ક્યારેય ઈચ્છા નહીં થઈ હોય ? એણે મને કહ્યું ન હોત તો મને ક્યારેય આ વાતની જાણ ન થાત. તેણે ખર્ચો વધારીને મોકલ્યો હોત તોપણ હું જરાય વિચાર્યા વગર મોકલવાની જ હતી. પણ આટલો ગરીબ છોકરો કેટલો પ્રામાણિક હતો! માની નથી શકાતું ને ? પણ હકીકત છે !મોટાભાગે આપણે સે માનીએ છીએ કે માણસ પાસે પૈસો આવે, સંપત્તિ આવે એટલે સુખ અને સંતોષ આવે છે અને તેવા લોકો આપોઆપ પ્રામાણિક બની જાય છે. પણ અહીં તો તદ્ન ઊંધી વાત હતી. મારા જીવનકાળ દરમિયાન ઘણી વાર મેં અનુભવ્યું છે કે પ્રામાણિકતા એ પૈસાવાળાઓનો કે ઉજળિયાત કોમનો ઈજારો નથી. તે જન્મજાત સંસ્કાર છે. આત્માની અણીશુદ્ધતા કોઈ ઊછીની ન આપી શકે. તેના માટે મોટી ડિગ્રીઓની જરૂર નથી. કોઈ યુનિવર્સિટી, 'સંસ્કારી કેમ બનવું,' 'પ્રામાણિકતા કેમ પ્રાપ્ત કરવી' તે વિશેના કલાસીસ નથી ચલાવતી. તે ઘરના વાતાવરણથી, મા–બાપની મહેનતથી બાળકો શીખે છે.મને ખાતરી છે કે ડાંગ જિલ્લાનો આ શૈલેશ એક દિવસ તેના જિલ્લાનું જ નહીં, સમસ્ત રાજય અને રાષ્ટ્રનું નામ રોશન કરશે.

– સુધા મૂર્તિ

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## સંભાળ

**(૧) સમતોલ આહાર :** દૂધ ૫૦૦ મિ.લી. જુદાં જુદાં ધાન્ય અને કઠોળ, લીલાં શાકભાજી, ઋતુ પ્રમાણે ફળ, આયોડીનયુકત મીઠું.

**(૨) કસરત :** ડોક્ટરની સલાહ મુજબ નિયમિત કસરત કરવાથી ખૂબ ફાયદો થાય છે. ચાલવાની કસરત ઉત્તમ. શરૂઆતથી અંત સુધી કસરત ચાલુ જ રાખવી.

**(૩) આરામ :** દસ કલાક (રાત્રે આઠ કલાક, દિવસે બે કલાક) સૂવું. પગ લટકતા ન રાખવા. ઊઠવા–બેસવામાં પૂરતી કાળજી લેવી. નિયમિત સ્નાન કરવું. ઢીલાં, ખૂલતાં કપડાં પહેરવાં. છેલ્લા દોઢ મહિના સિવાય બાકીના સમય દરમ્યાન જાતીય સમાગમ થઈ શકે. લાંબી મુસાફરી ન કરવી.

**(૪) તપાસ :** પેશાબ–લોહીમાં હીમોગ્લોબિન, બ્લડગ્રૂપ અને માતાના લોહી દ્વારા બાળક સુધી પહોંચે એવા રોગો સ્ત્રીના શરીરમાં હોય તો તેની તપાસ કરાવવી. સોનોગ્રાફી ડોકટરની સલાહ પ્રમાણે નિયમિત કરાવવી. પ્રસૂતિ સામાન્ય, ફોરસેપ્સ કે સિઝેરિયન કરાવવી, તે ડોક્ટરની સલાહ મુજબ.

**બાળકના જન્મ પછી માતાની કાળજી**

(૧) માસિકની જગ્યાએથી રકતસ્ત્રાવ (૨) ટાંકાનો દુખાવો (૩) સ્તનપાન

(૪) પેશાબની તકલીફો (૫) કબજિયાત (૬) નકારાત્મક લાગણીઓ

(૭) નિયમિત કસરત (૮) જાતીય જીવન (૯) સંતુલિત ખોરાકનું ધ્યાન આપવું.

**કુટુંબનિયોજન**

(૧) નિરોધ, ગોળીઓ અને કોપર–ટીઃ ડાક્ટરની સલાહ મુજબ.

**સામાન્ય બાળરોગો**

ભૂલાયેલો ફેમિલી ડોકટર

સ્વ.ભારતી સુહૃદ શેઠ
: લેખકશ્રી :
ડૉ.સુહૃદ બી.શેઠ

આપણા દેશની વસ્તીનો ૪૦ ટકાથી વધારે હિસ્સો બાળકોનો છે, સાથે સાથે એ પણ જાણવું જરૂરી છે કે બાળમરણનું પ્રમાણ પણ ઘણું ઊંચું છે. છેલ્લાં કેટલાંક વર્ષમાં બાળકોના આરોગ્ય વિષે આપણા દેશમાં સારી એવી જાગૃતિ આવી છે. તબીબી અભ્યાસમાં, વિદ્યાર્થીઓમાં અને આમ જનતામાં પણ તેનું મહત્ત્વ સમજાયું છે.

બાળરોગો એટલે સગર્ભાવસ્થાથી શરૂ થઈ, બાળપણ અને બાળક મોટું થાય એટલે કે ૧૬ વર્ષનું થાય ત્યાં સુધીના થતા રોગો ગણી શકાય. આપણો દેશ ભૌગોલિક દ્રષ્ટિએ આહાર–વિહાર, રહેણી–કરણી તથા સંસ્કૃતિની દષ્ટિએ વૈવિધ્યપૂર્ણ છે. તેથી થોડાં ફેરફારને બાદ કરતાં અંદરના દર્દી તરીકે દાખલ થતાં દર્દીઓમાં ૨૫ ટકા બાળકો પોષણના અભાવથી થતા રોગો જોવા મળે છે. ૨૦ ટકા બાળકો ઝાડાના કારણે દાખલ થાય છે. ૩૦ ટકા દર્દીઓ ચેપી રોગો જેવાં કે ક્ષય એટલે કે ટીબી ન્યુમોનિયા, ઓળી અને ઊંટાટિયા જેવી તકલીફથી પીડાતા હોય છે. બાકીના ૨૫ ટકા દર્દીઓ બીજા ઘણા રોગોના ગ્રૂપમાં આવે છે. ઘણીવાર એવું પણ જોવા મળે છે કે એક જ દર્દી એકસાથે બે–ત્રણ રોગથી પીડાતો હોય છે.આપણા જેવા વિકાસ પામતાં દેશોમાં પોષણનો અભાવ એ મુખ્ય પ્રશ્ન છે. આના કારણે પાંચ લાખ બાળકો દર વર્ષે મૃત્યુ પામે છે અને જે બચી જાય છે તેમાંનાં બાળકોનો વિકાસ ઓછો થાય છે. બીજો મૃત્યુદર વધારે છે તેમાં આવે છે ચેપીરોગો. મુખ્યત્વે સનતંત્ર અને પાચનતંત્રના ચેપી રોગો.

બાહ્ય દર્દીઓના ૨૦ થી ૬૦ ટકા સનતંત્રના ચેપનો હુમલો હોય તેવા હોય છે. દર વર્ષે ૧૫ લાખ બાળકો ગંભીર પ્રકારના ઝાડાનો શિકાર બને છે. શાળાએ જતાં બાળકોમાં મુખ્યત્વે પોષણના અભાવથી થતા રોગો પ્રોટીનની ઊણપ, પાંડુરોગ અને રતાંધળાપણું જોવા મળે છે. ત્યારબાદ ચેપીરોગો અને પછી આંતરડાના રોગો કૃમિજન્ય અને મરડો જોવા મળે છે. દાંતનો સડો અને ચામડીના રોગો પણ સારા પ્રમાણમાં જોવા મળેછે. છેલ્લે આંખ અને કાનના રોગો પણ ઠીક ઠીક પ્રમાણમાં હોય છે.નવજાત બાળકમાં થતું ધનુર વ્યાપક પ્રમાણમાં આપણે ત્યાં ખાસ કરીને અભણ તથા ગ્રામ્ય પ્રજામાં જયાં પ્રસૂતિ ઘરે નાળ પતરી (બ્લેડ)થી કાપીને કરવામાં આવે છે ત્યાં થાય છે. દર વર્ષે ૧ લાખ ૧૦ હજાર બાળકોને થાય છે, જેમાંથી ૧ લાખ મૃત્યુ પામે છે. દક્ષિણ ભારતમાં લેપ્રસી એટલે કે રકતપિત્તનું પ્રમાણ પણ ૪ થી ૫ વર્ષનાં બાળકોમાં જોવા મળે છે. અલબત્ત, ચેપ તો તે પહેલાં જ લાગી ગયેલ હોય છે. વાઈરસથી થતા રોગો જેવાં કે ઓળી, અછબડા, લાપોટિયું, કમળો, બેક્ટેરિયાથી થતા રોગો જેવાં કે ઊંટાટિયું, ટાઈફોઈડ, ડિફથેરિયા અને પરોપજીવી એટલે કે પેરેસાઈટથી થતા રોગોમાં મુખ્યત્વે મેલેરિયા મરડો હોય છે.

## ૧૦૦ સિંહણનું માતૃત્વ

શિશુવંદના
ગિજુભાઈ ભરાડ

ગિરના જંગલોમાં મુખ્યત્વે સિંહણ જ પોતાના બચ્ચાંઓને જીવન જીવવાની તાલીમ આપે છે. બચ્ચાં નાના હોય છે ત્યારે તે માતાના દુધના પોષણ ઉપર જ નભે છે. તેમ તેમ સિંહણ એને પોતે કરેલા શિકારમાંથી માંસ ખાતા શીખવાડે છે. એક દિવસ એવો આવે છે. જયારે એને શિકાર શિખવાડવાનો પ્રસંગ આવે છે. ત્યારે સિંહણ શરૂઆતમાં જંગલમાં પશુઓને નહિવત ઘાયલ કરીને પોતાનાં બચ્ચાઓને સોપી દે છે. ગિરના જંગલમાં જેમણે સિંહણની શિક્ષણ પ્રણાલિકા વર્ષો સુધી જોઈ છે તેવા અભ્યાસીઓનું કહેવું છે કે મુખ્યત્વે સિંહણ પોતાના બચ્ચાને સ્વાવલંબન જ શીખવાડે છે. સિંહના અસ્તિત્વનો સૌથી મોટો શબ્દ કદાચ સ્વાવલંબન છે. એની સર્વશકિતઓ, ગૌરવ, આત્મવિશ્વાસ અને સંપૂર્ણ જીવનશૈલી સ્વાવલંબન પર નિર્ભર છે. મનુષ્ય લગભગ પરાવલંબી પ્રાણી થતુ જાય છે, આપણે સિંહ પરિવાર પાસેથી સ્વાવલંબન શીખવાની અને આપણા બાળકોને શીખવાડવાની જરૂર છે.

## શ્રાવણ–ઉપવાસ અને આયુર્વેદ

શ્રાવણ માસ શરૂ થવામાં જ છે. હિંદુ ધર્મ અનુસાર આખા શ્રાવણ મહિના દરમિયાન ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. આ આખા મહિના દરમિયાન મોટાભાગનાં લોકો શિવશંકરની આરાધના કરશે અને દર સોમવારે ઉપવાસ કરશે. ઉપવાસ દરમિયાન લોકો એક જ વાર ભોજન કરે છે. આ મહિનામાં સત્કાર્યો અને ધર્મકાર્યો થાય છે. પુરાણોમાં ડો. જહાનવી ભટ્ટ આ માસ દરમિયાન પૂજા–અનુષ્ઠાન તથા ઉપવાસનું ખૂબ મહવ બતાવેલું છે. આ પવિત્ર માસ દરમિયાન જાતીય સંબંધથી પણ દૂર રહેવાનું વર્ણન ધર્મશાસ્ત્રોમાં મળે છે. શેરકર્મ કરવાનો પણ નિષેધ છે.

સહજ વિચાર આવે છે કે, આ બધા નિયમો શ્રાવણમાં જ કેમ ??

ઉત્તર છે કે, દેવાધિદેવ મહાદેવની આરાધના માટે શ્રેષ્ઠ ગણાતો આ સમય ધાર્મિક અને આરોગ્યની દષ્ટિએ પણ અતિ લાભદાયી છે.

શ્રાવણ માસમાં ખૂબ વરસાદ પડે છે, આ દરમિયાન વ્રત–ઉપવાસનું પણ વિશેષ મહવ



ડૉ. જહાનવી ભટ્ટ

છે. આ ઋતુમાં વરસાદના કારણે ખૂબ ઓછાં લીલા શાકભાજી બજારમાં મળે છે. ઉપરાંત જે શાકભાજી આવે છે, તેમાં જંતુઓ વધારે હોય છે, જેને ખાવાથી પેટ સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે. આ સાથે જ આ ઋતુમાં દૂધ પણ ખૂબ સાવધાનીપૂર્વક અને ઉકાળીને જ પીવું જોઈએ, કારણકે આ સિઝનમાં ઘાસ પર પણ જીવાતહોય છે, જયારે ગાય–ભેંસ આવું ઘાસ ખાય છે, ત્યારે દૂધ ઝેરી બની જાય છે. એટલા માટે જ આ ઋતુમાં દૂધ કે દૂધવાળી વસ્તુઓ ખાવાની મનાઈ કરવામાં આવે છે, કારણ કે તેનાથી પેટ ખરાબ થઈ જાય છે.


## હસવાની મનાઈ છે.

છગન : પહેલાના સમયમાં લગ્નમાં સાત ફેરા ફરતાં, હવે કેમ ચાર ફેરા ફરે છે ?મગન : પહેલા ઘરમાં સાત અક્ષરવાળા HUSABANDનું ચાલતું, હવે ચાર અક્ષરવાળી WIFEનું ચાલે છે !

શિક્ષક : સિનિયર અને જુનિયરમાં શું ફરક છે ?

વિદ્યાર્થી : જે સમુદ્રની પાસે રહે છે તે સિનિયર (Sea-Near) અને જે પ્રાણીસંગ્રહાલયની પાસે રહે તે જુનિયર ! (Zoo-Near)





બાલમિત્રો,

કુંડામાં કે જમીનમાં વાવેલો કે ઊગેલો છોડ કુમળો હોય છે. અને જેમ વાળીએ એમ વળે. જો નિયમિત પ્રમાણસર પાણી આપતાં રહીએ તો એ છોડ ધીરેધીરે મોટો થતો જશે ને વૃક્ષનુ રૂપ ધારણ કરશે. એ છોડ કેટલો નિર્દોષ કહ્યાગરો હોય છે ? તમે કહો એમ કરે ને અનુસરે.



બસ, બાળકનું પણ એક જ છે. એનું બાળ પણ માતા–પિતા, વડીલો, મિત્રો, શિક્ષકો પર આધારિત હોય છે. એ બધાં જેમ બોલશે, કહેશે, વર્તશે, એમ બાળકો પણ અનુસરણ કરશે. બાળક તો કોરી પાટી છે. એમાં જે લખશો જે ઘુટાવશો એ બાળક વાંચશે ને ઘૂટશે. એની ઊંડી છાપ બાળક એના દિલો દિમાગમાં અંકિત કરી લેશે. પણ જયારે બાળક સ્વતંત્ર બુધ્ધિ વિચાર તો થશે ત્યારે એના અગાઉથી મા–બાપ, વડીલો, મિત્રો, શિક્ષકોએ રોપાયેલાં વિચારો, વાણી, વર્તન મુજબ વર્તન કરશે. પછી તે આજ્ઞાંકિત બનશે. તોફાની બનશે. ઝઘડાળું બનશે, ખૂની બનશે, ધનેશ્વરી, બહાદુર, શૂરવીર બનશે શું બનશે એ નકકી નહિ.

માટે સૌને એક વાત કહેવી છે કે ઘોડાને બાળકને સારાં સંસ્કાર શીખામણ આપજો જેથી બાળક તમારા કહેવામાં રહે. નહિતર પસ્તાવાનો વારો આપશે.

## ૫૬. ટીડા જોશી

એક હતો જોશી. એને જોશ જોતાં ન આવડે પણ દંભમાં રળી ખાય. એક દિવસ તે એક ગામથી બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં બે ધોળા બળદને એક ખેતરમાં ચરતા દીઠા. તેણે એ વાત ધ્યાનમાં રાખી લીધી.

જોશીજી તો ગામમાં ગયા અને એક પટેલને ત્યાં ઉતારો કર્યો. એક કણબી–કણબણ આવ્યાં ને મહારાજને કહે – જોશી મહારાજ ! અમારા બે ધોળા બળદ ખોવાયા છે. કઈ દિશામાં ગયા હશે તેનું જોશ જોઈ આપો ને ?

જોશીએ તો હોઠ ફફડાવી એક જૂના સડી ગયેલા ટીપણામાં જોઈને કહ્યું – પટેલ ! તમારા બળદો આથમણી સીમમાં ફલાણાના ખેતરમાં છે, તે ત્યાંથી લઈ આવો. પટેલ તો બતાવેલ ખેતરે ગયો એટલે તેને બળદો મળ્યા. તે ઘણો ખુશ થયો અને ટીડા જોશીને રાજી કર્યા.

બીજે દિવસે રાત્રે ટીડા જોશીની પરીક્ષા કરવા ઘરધણીએ પૂછયું – મહારાજ ! તમારૂ જોશ સાચું હોય તો કહો, ઘરમાં કેટલા રોટલા થયા હતા ? ટીડા જોશીને તો કંઈ ધંધો ન હતો. એટલે રોટલાના તાવડીમાં નાખતી વખતના ટપાકા ઉપરથી ગણેલું કે તેર રોટલા થયેલા છે એટલે તેણે જોશ જોવાનો ડોળ કરીને કહ્યું – પટેલ, આજે તમારા ઘરમાં તેર રોટલા થયા હતા. પટેલ તો બહુ આશ્ચર્ય પામ્યો.

ઉપલા બે બનાવથી જોશી મહારાજની કીર્તિ આખા ગામમાં ફેલાઈ, ને જોશી મહારાજ પાસે સૌ જોશ જોવરાવવા આવવા લાગ્યા. એટલામાં ત્યાંના રાજાની રાણીનો નવલખો હાર ખોવાયો. રાજાએ જોશીની કીર્તિ સાંભળી હતી, એટલે તેણે તેને તેડાવ્યો.

રાજાએ જોશીને કહ્યું – જુઓ, ટીડા મહારાજ ! રાણીનો હાર કયાં છે અથવા તો કોણ લઈ ગયું છે તે જોશ જોઈને કહો. હાર જડશે તો તમને ઘણા રાજી કરીશું.

જોશી મૂંઝાયા. જરા વિચારમાં પડ્યા. રાજાએ કહ્યું આજની રાત તમે અહીં રહો, ને રાત આખી વિચાર કરીને સવારે કહેજો. પણ જોજો, જોશ ખોટું પડશે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ. ટીડા જોશી તો વાળુ કરીને પથારીમાં પડયા પણ ઊંઘ ન આવે. જોશીના મનમાં ભય હતો કે સવારે રાજા ઘાણીએ ઘાલીને તેલ કાઢશે. ટીડા જોશીને ઊંઘ નહોતી આવતી એટલે તે ઊંઘને–નીંદરડીને બોલાવવા લાગ્યા – નીંદરડી ! આવ, નીંદરડી ! આવ.

હવે વાત એમ હતી કે રાજાની રાણી પાસે નીંદરડી નામની દાસી રહેતી હતી ને તેણે જ રાણીનો હાર ચોર્યો હતો. નીંદરડી ! આવ, નીંદરડી ! આવ. એમ ટીડા જોશીને બોલતાં એણે સાંભળ્યા એટલે તે એકદમ ગભરાઈ ગઈ. એને લાગ્યું કે ટીડા જોશી પોતાનું નામ જોશના બળથી જાણી ગયા છે.

નીંદરડીએ બચી જવાના વિચારથી ટીડા જોશીને હાર આપી આવવાનો વિચાર કર્યો. તે હાર લઈને જોશી પાસે ગઈ અને બોલી – મહારાજ ! લ્યો આ ખોવાયેલો હાર. મારૂ નામ હવે લેશો નહિ, હારનું ગમે તેમ કરજો. ટીડા જોશી મનમાં ખુશ થયા કે આ ઠીક થયું. નીંદરને ઊંઘને બોલાવતાં આ નીંદરડી આવી અને હાર આપી ગઈ ! ટીડા જોશીએ નીંદરડીને કહ્યું – જો, આ હાર રાણીના ઓરડામાં તેના પલંગ નીચે મૂકી આવ.

સવાર પડી એટલે રાજાએ ટીડા જોશીનેબોલાવ્યા. ટીડા જોશી તો ઢોંગ કરી એક બે સાચા ખોટા શ્લોક બોલ્યા અને પછી આંગળીના વેઢા ગણી હોઠ ફફડાવી. લાંબું ટીપણું ઉખેળી બોલ્યા રાજા ! રાણીનો હાર ક્યાંય ખોવાયો નથી. તપાસ કરાવો. રાણીના ઓરડામાં જ તેના પલંગ નીચે હાર પડયો છે. એમ મારા જોશમાં આવે છે. તપાસ કરાવતાં હાર પલંગ તળેથી જ મળ્યો. ટીડા ઉપર રાજા ખુશ થયો અને તેને સારૂ ઈનામ આપ્યું.

રાજાએ એક વાર ટીડા જોશીની વધારે પરીક્ષા કરવા એક યુકિત રચી. ટીડા જોશીને લઈને રાજા એક વાર જંગલમાં ગયો. જોશીની નજર બીજે હતી એટલામાં રાજાએ પોતાની મુઠ્ઠીમાં એક ટીડડું પકડી લીધું, ને મૂઠી બતાવી ટીડાને કહ્યું કહો, ટીડાજી ! આ મુઠ્ઠીમાં શું છે ? જોજો, ખોટું પડશે તો માર્યા જશો !

ટીડા જોશી હવે પૂરા ગભરાયા. તેમણે વિચાર કર્યો કે હવે ભરમ ઉઘાડો થશે. હવે જરૂર રાજા મારશે. ગભરાઈને પોતાના જોશ સંબંધેની સઘળી હકીકત રાજાને કહી દેવા અને માફી માગવા માટે બોલ્યા –

વાટે આવતાં ધોરી મળ્યા,

ટપટપ કરતાં તેર જ ગણ્યા.

નીંદરડીએ આપ્યો હાર.

કાં રાજા ટીડાને માર ?

ટીડા જોશી જયાં, 'કાં રાજા ટીડાને માર ?' એમ બોલ્યા ત્યાં તો રાજાના મનમાં થયું કે જોશી મહારાજ તો ખરેખરા સાચા જોશી છે. રાજાએ પોતાના હાથમાંથી ટીડડું ઉડાડી કહ્યું – વાહ, જોશીજી ! તમે તો મારા હાથમાં ટીડડું હતું તે પણ જાણી ગયા !

ટીડા જોશી મનમાં સમજી ગયા કે આ તો મરતાં મરતાં બચ્યાને સાચા જોશી ઠર્યા ! પછી રાજાએ જોશીને મોટું ઈનામ આપ્યું અને તેમને વિદાય કર્યા.

## બાલ કથાઓ

ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)



# કાકા કાલેલકર

### ૨૬. માના જેવું વહાલ

ગાંધી–ગંગા
(બે ભાગમાંથી પસંદ કરેલું ચયન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

બાપુ વિલાયતથી (દક્ષિણ આફ્રિકાથી વિલાયત થઈ) હિંદ આવ્યા ત્યારે હું શાંતિ નિકેતનમાં હતો. બાપુના ફિનિક્સ આશ્રમમાંથી આવેલી મંડળી પણ ત્યાં મહેમાન તરીકે રહેતી હતી. છાપાં વાંચતો હોવાથી હું દક્ષિણ આફ્રિકાના આપણા લોકોનો તાજો ઈતિહાસ જાણતો હતો. ગાંધીજીના આફ્રિકાના ફિનિક્સ આશ્રમ વિશે પણ મેં સાંભળ્યું હતું. સંભવ છે કે આશ્રમવાસીઓએ પણ માઢં નામ સાંભળ્યું હોય. હું આ ફિનિક્સની મંડળીમાં લગભગ ભળી ગયો. સવારસાંજની પ્રાર્થના તેમની સાથે જ કરવા લાગ્યો ને સાંજનું ભોજન પણ તેમની સાથે જ લેવા માંડ્યું. આ આશ્રમવાસીઓ રોજ સવારે ઊઠી એક કલાક મજૂરી કરતા. શાંતિ નિકેતનવાળાઓએ તેમને એક કામ સોંપી દીધું હતું. પાસે એક તલાવડી હતી ને નજીકમાં એક ટેકરી હતી. એ ટેકરી ખોદીને પેલી તલાવડી પૂરવાનું એ કામ હતું. અમે દસવીસ જણ રોજ ખૂબ ઉત્સાહપૂર્વક અમારૂ કામ કર્યે જતા.

બાપુ શાંતિનિકેતન આવ્યા તે રાત્રે મોડે સુધી અમે એમની સાથે વાતો કરતા બેઠા. સવારે ઊઠીને પ્રાર્થના કર્યા બાદ મજૂરીએ ગયા, ત્યાંથી પાછા આવીને જોઈએ તો અમારે માટે ફળ વગેરે બધું રીતસર સમારીને અલગ અલગ થાળીઓમાં પીરસી રાખેલું ! અમે તો બધા જ કામે ગયેલા. ત્યારે માની પેઠે આ બધી મહેનત કોણે લીધી હશે ? મેં બાપુને પૂછયું : ''આ બધું કોણે કર્યુ ?'' તેમણે કહ્યું : ''કેમ, મેં કર્યુ.'' મેં સંકોચપૂર્વક કહ્યું : ''આપે શું કામ કર્યુ ? આપ બધી તૈયારી કરો ને અમે બેઠા બેઠા ખાઈએ, એ મને સાઢં નથી લાગતું.'' ''કેમ, એમાં શો વાંધો છે ?'' તેઓ બોલ્યા. મેં કહ્યુંઃ ''આપ જેવાની સેવા લેવા જેટલી લાયકાત અમારામાં હોવી જોઈએ ને !''

આનો બાપુએ જે જવાબ આપ્યો તેને સાઢ હું તૈયાર નહોતો. (તે વખતે હું બાપુ જોડે અંગ્રેજીમાં જ બોલતો.) મેં કહેલું : ''વુઈ મસ્ટ ડિઝર્વ ઈટ.'' (અમારામાં એની યોગ્યતા હોવી જોઈએ.) એ સાંભળતાં જ સાવ સ્વાભાવિક રીતે તેમણે કહ્યું : વિચ ઈઝ એ ફેકટ.'' (તમારી વાત સાચી છે.) હું તેમના તરફ જોઈ જ રહ્યો. તેમણે હસતાં હસતાં કહ્યું : ''તમે ત્યાં કામે ગયા હતા અને નાસ્તો કરીને પાછા કામે જશો. મને ફુરસદ હતી, એટલે મેં તમારો વખત બચાવ્યો. એક કલાક કામ કર્યા પછી આવો નાસ્તો મેળવવાની લાયકાત તો તમે પામ્યા જ છો ને ?''

# મિત્રતાની શરૂઆત

નંદનવન નામનું એક સરસ મજાનું જંગલ હતું. આ જંગલની વચ્ચોવચ એક મોટું તળાવ આવેલું હતું. તળાવમાં માછલીઓ, કાચબા, મગર, બતક, બગલા, કરચલા વગેરે પ્રાણીઓ રહેતાં હતાં.

જયારે તળાવના કિનારે રહેલાં વૃક્ષો પર કાબર, કાગડા, ચકલી, પોપટ, મેના, વાંદરા વગેરે રહેતાં હતાં.

આ બધાં પશુ-પક્ષીઓ એકબીજાનાં મિત્ર હતાં. કોઈના ઘરે કંઈ પણ પ્રસંગ હોય તો બધાંને જમવાનું આમંત્રણ હોય જ ! જન્મદિવસની પાર્ટી હોય કે લગ્ન હોય બધાંને ખૂબ જ મજા આવતી.

પણ એક વાતનું બધાંને દુખ હતું. મગર અને વાનરનો પરિવાર એકબીજાના ઘરે જતો નહીં. બંને વચ્ચે પેઢીઓથી વેર ચાલ્યું આવતું હતું.

ક્યારેક મગર અને વાંદરો કે મગરી અને વાંદરી સામસામે મળી જતાં તોપણ એકબીજા સાથે બોલતાં નહીં. તીરછી નજર નાખી પોતપોતાના રસ્તે ચાલ્યાં જતાં.

આજે તળાવના કિનારે ઉત્સવનો માહોલ હતો. મગરના પુત્રનાં લગ્ન આવવાનાં હતાં. જળ ચર પ્રાણીઓ અને તળાવ કિનારાનાં પશુ-પક્ષીઓ પણ બહુ ખુશ હતાં. આખું અઠવાડિયું મોજમસ્તી અને ગીતોની રમઝટ બોલવાની હતી.

સાંજે મગરી બધાના ઘરે ગીત ગાવા આવવાનું કહેવા ગઈ. દરેક ઘરે પતાસાં પણ આપ્યાં અને કહ્યું કે, ‘‘અઠવાડિયા સુધી દરરોજ અમારા ઘરે માંડવાનાં ગીત ગાવા આવવાનું છે.’’

બધાં જળચર પ્રાણીઓ અને તળાવ કિનારાનાં પક્ષીઓએ આ આમંત્રણ હોંશે હોંશે સ્વીકારી લીધું. અને પુત્રના લગ્ન માટે અભિનંદન પણ આપ્યા.

મગરીએ ફકત એક વાંદરાભાઈને ઘરે ગીત ગાવા આવવાનું કે લગ્નમાં આવવાનું આમંત્રણ ન આપ્યું.

રાત્રે મગરી સૂતી પણ તેને નીંદર આવતી ન હતી. તે કયાંય સુધી પડખાં ફેરવતી રહી. એક વિચાર તેનો પીછો છોડતો ન હતો. પેઢી દર પેઢી વાંદરા સાથેના અબોલાથી તે આજ વ્યથિત હતી.

તે વિચારતી રહી કે, વાંક તો અમારો જ હતો. મગરીએ વાંદરાના કાળજાની વાત કરી તે યોગ્ય ન હતી. નહિતર બંને વચ્ચે કેવી મિત્રતા હતી !

વાંક અમારા પૂર્વજોનો હતો તેથી સારા સંબંધ બાંધવા પહેલ મારે જ કરવી પડશે. મારા પુત્રના લગ્નમાં બધા આવે અને વાંદરાભાઈનો પરિવાર ન આવે તે કેમ ચાલે ?

કાલે હું અમારા પૂર્વજો વતી વાંદરીબેન પાસે માફી માગી આવીશ અને ગીત ગાવા આવવાનું આમંત્રણ પણ આપી આવીશ.

આવો સરસ વિચાર આવવા બદલ તેને ખુશી થઈ. મન શાંત થતાં હવે નીંદર પણ સારી આવી ગઈ.

સવારે ઊઠીને મગરીએ મગરને બધી વાત કરી. મગર પણ મગરીના વિચારથી ખૂબ ખુશ થયો. પણ તેણે શંકા વ્યકત કરતાં મગરીને કહ્યું કે, ‘‘તું વાંદરાભાઈના પરિવારને આમંત્રણ આપવા તો જઈશ, પણ તે આમંત્રણ સ્વીકારશે ? આપણા પર બીજી વાર વિસ મૂકશે ?’’

### જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત



મગરી પણ એક ક્ષણ વિચારમાં પડી ગઈ. તેણે તો આ વાતની કલ્પના પણ નહોતી કરી !

મગરીને ચૂપ જોઈ મગર બોલ્યો, ‘‘આપણે ધાર્યું છે તેવું ન પણ બને ! તું હરખથી લગ્નના ગીતનું આમંત્રણ આપી આવ. અને સાચા દિલથી પૂર્વજો વતી માફી પણ માગજે.’’

મગરીને મગરની વાત યોગ્ય લાગી. ઉત્સાહથી તે વાંદરાભાઈના ઘરે ગઈ.

મગરીએ કમાડ ખખડાવ્યું. વાંદરીબેને દરવાજો ખોલ્યો. મગરીને જોતાવેંત જ દરવાજો બંધ કરવા લાગી.

મગરીએ વિનંતી કરતાં કહ્યું, ‘‘હું બે મિનિટ તમારી સાથે વાત કરવા ઈચ્છું છું. ઘરની અંદર આવીશ નહીં. તમે બારણે ઊભાં રહેશો તોપણ ચાલશે. પણ પ્લીઝ બે મિનિટ મારી વાત સાંભળો. દરવાજો બંધ ન કરો.’’

‘‘જે હોય તે ઝડપથી કહી દે. મારે હજી ઘણું ઘરકામ કરવાનું બાકી છે.’’ ગુસ્સે થતાં વાંદરીબેન બોલ્યાં.

મગરીએ કહ્યું કે, ‘‘હું મારા પુત્રના લગ્નમાં આવવાનું આમંત્રણ આપવા આવી છું. અને અમારા પૂર્વજો વતી તમારી માફી માગવા આવી છું. પહેલાં મગર અને વાનર મિત્ર હતા જ.આપણે જૂનું ભૂલી નવી શરૂઆત કરીએ. અમારો વાંક હોવાથી હું ફરીવાર તમારી માફી માગું છું. લગ્નમાં બધાં હોય અને તમે ન હોય તે કેમ ચાલે ?’’

‘‘બીજી વાર મૂર્ખ બનવા હું તૈયાર નથી. આ પણ તારી ચાલ જ હોય તો ? ના. ના. આપણે હવે નવો વ્યવહાર ચાલુ કરવો જ નથી. મને તારા પર બિલકુલ વિાસ નથી.’’ વાંદરીબેન બોલ્યાં.

નિરાશ વદને મગરી । ઘરે પાછી ફરી.

બે દિવસ પછી વાંદરીબેનનો નાનો પુત્ર વડની એક ડાળેથી બીજી ડાળે ઝૂલતો ઝૂલતો રમતો હતો. પણ અચાનક બહુ જ પવન આવવાથી તે ડાળ ઉપર સંતુલન જાળવી શકયો નહીં. અને સીધો તળાવમાં પડી ગયો. વાંદરીબેને આ જોયું. તે તો મારા પુત્રને બચાવો। બચાવો...ની બૂમો પાડવા માંડી.

મગરીએ આ સાંભળ્યું. સીધી જ તે વાંદરીબેનનો પુત્ર પડ્યો હતો ત્યાં ગઈ અને તેને ડૂબતો બચાવી લીધો. પોતાની પીઠ ઉપર બેસાડીને તળાવનું એક ચક્કર પણ મરાવ્યું. વાંદરીબેનના બચ્ચાંને તો ખૂબ જ મજા આવી ગઈ.

હવે તે વાંદરીબેન પાસે ગઈ. વાંદરીબેન તો પુત્રને હેમખેમ પાછો આવેલો જોઈને ખૂબ જ રાજી થઈ ગયાં. વાંદરીબેનનો પુત્ર કહે, ‘‘મા મા મને તળાવમાં મગરીબેનની પીઠ ઉપર બેસીને ચક્કર મારવાની ખૂબ જ મજા આવી.’’મગરી કહે, ‘‘હવે હું તને તળાવમાં દરરોજ એક ચક્કર મરાવીશ. તું ખુશ તો હું ખુશ.’’મગરી પાછી બે હાથ જોડી બોલી, ‘‘વાંદરીબેન, ફરીથી હું અમારા પૂર્વજો વતી તમારી માફી માગું છું. જો હું ધારત તો અત્યારે તમારા પુત્રને બચાવવાને બદલે મારી પણ શકી હોત. બધું ભૂલી તમારે મારા પુત્રના લગ્નમાં આવવાનું જ છે.’’હવે વાંદરીબેન પણ ઉત્સાહથી બોલી ઊઠ્યાં, ‘‘ હા હા જરૂર અમે તમારા પુત્રના લગ્નમાં આવીશું જ.’’વાંદરીબેનનું બચ્ચું બોલ્યું, ‘‘મગરીમાસી, લગ્ન ભલે હોય, પણ તમારે, મને દરરોજ તળાવમાં એક ચક્કર તો મરાવવાનું જ !’’બચ્ચાની આ વાત સાંભળી મગરી અને વાંદરીબેન બંને હસી પડયાં.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# જ્ઞાનમંજરી

**વિશ્વ એક ઝલક**

(૧) ટાગાનિક સરોવર કયા દેશમાં આવેલ છે ? – આફ્રિકા
(૨) કેનેડાના ગ્રેટબડ સરોવરનું ક્ષેત્રફળ કેટલા ચો.કિમી છે ? – ૩૧,૩૨૮
(૩) અરેબિયા દ્રિપકલ્પ કયા ખંડમાં આવેલ છે ? – ઉત્તર અમેરીકા
(૪) સ્કેન્ડિનેવિયા દ્રિપકલ્પ કયા ખંડમાં આવેલો છે ? – યુરોપ
(૫) સહારાનું રણ કયા દેશમાં આવેલું છે ? – ઉત્તર આફ્રિકા
(૬) લિબિયાનું રણ કયા દેશમાં આવેલુ છે ? – ઉત્તર આફ્રિકા
(૭) દમાસ્કસ નામનું રણ કયા દેશમાં આવેલુ છે ? – સીરિયા
(૮) અરેબિયાનું રણ કયા દેશમાં આવેલુ છે ? – ઈજિપ્ત
(૯) શાકાહારી નામનું રણ કયા દેશમાં આવેલુ છે ? – બોટસવાના
(૧૦) સંહારાનું ક્ષેત્રફળ કેટલા ચો.કિમી છે ? – ૯૦,૬૫,૦૦૦

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## મૌન સરોવરે ખીલ્યું શબ્દ કમળ !


‘‘પાણી બચાવો... પાણી તમને બચાવશે.’’ આ સૂત્ર આપણે અપનાવી લીધું છે. હવે નવું સૂત્ર અપનાવીએ : ‘‘વાણી બચાવો, વાણી તમને બચાવશે.’’ બ ે ફ ા મ વાણી વિલાસ કરનારે પોતાના હોઠે મૌનના બંધ બાંધવા જોઈએ. જરૂર પડયે ઉચિત વાણી વહાવવી જોઈએ. દરેક ફૂલને એક જ સુંગધ હોય છે, પણ મૌનના સરોવરમાં ખીલતા શબ્દ-કમળ ને ત્રિવિધ સુગંધ હોય છે – ‘‘ સત્યમ્ શિવમ સુંદરમ્’’

# બાજ અને ચકલા

## The Hawk and the Sparrowsafh

બાજ ઘણીવાર ચકલાઓનાં ટોળામાં ચડી આવે છે અને ચકલાના ટોળાને વિખેરી નાખે છે. આપણે આ પ્રયોગને આ નામ શા માટે આપ્યું તે પ્રયોગનાં અંતે ખ્યાલ આવશે.

સાધન સામગ્રી નાસ્તાની



ડિશ પાણી સાબુનો ટુકડો પાવડર ( ) શું કરશો નાસ્તાની ડિશને પાણીથી ભરો ડિશને ટેબલ ઉપર મુકો જયારે પાણી સ્થિર થઈ જાય ત્યારે ચપટીમાં પાવડર લઈને પાણીની સપાટી ઉપર ભભરાવો. પાવડર પાણી ઉપર તરશે. હવે તમારી આંગળીનાં ટેરવાને સાબુનાં કટાકા સાથે ઘસો. અને તે આંગળી પાણીની ઉપરની


**પ્રયોગની પાંખે** — વિજ્ઞાન નગરી — પ્રકાશક: શ્રી બળવંત પારેખ

સપાટી પર અડાડી જુઓ. પાવડર એ ચકલીઓ છે. તમારી આંગળી એ બાજ છે.શું થશે જેવી તમારી સાબુવાળી આંગળી પાણીની સપાટીને અડશે કે તરત પાવડર વિખરાઈ જશે.

શા માટે સાબુ પાણીની સપાટી પરનાં દબાણને તોડે છે અને તે પાણી કિનારી સુધી ધસી જાય છે. આથી પાવડર પણ તેની સાથે ખેચાય છે.

# જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત, ધ્વજ પ્રકાશશે
ઝળળળળ કસુંબી, પ્રેમશેર્યઅંકીત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને,
પ્રેમ ભકિતની રીત–
ઊંચી તુજ સુંદર જાત, જય જય
ગરવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાળી
માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેર
મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ, પમિ
કેરા દેવ–
છે સહાયમાં સાક્ષાત્ જય જય
ગરવી ગુજરાત.
નદી તાપી નર્મદા જોય, મહી ને
બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધરમણને,
રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ
જયકર–
સંપે સોયે સઉ જાત, જય જય




ગરવી ગુજરાત.
તે અણહિલવાડના રંગ, તે
સિદ્ધરાજ જયસિંગ.
તે રંગથકી પણ અધિક સરસ રંગ,
થશે સત્વરે માત !
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે,
વીતી ગઈ છે રાત–
જન ઘૂમે નર્મદા સાથ, જય જય
ગરવી ગુજરાત.

**કવિ નર્મદ**

## સુવિચાર

**જયાં અને ત્યાં**

જયાં શ્રદ્ધા ત્યાં શકિત, જયાં ધર્મ ત્યાં શુધ્ધિ,જયાં સંપ ત્યાં સંપત્તિ
જયાં ધૈર્ય ત્યાં ભકિત, જયાં પ્રેમ ત્યાં પ્રગતિ,જયાં ભકિત ત્યાં મુકિત

# સમાલોચના

કહે છે કુદરતની ગતિ ન્યારી છે. મારા મનમાં એક તરંગ ઊઠયો. શું આ ઉકિત ચેતન-સૃષ્ટિને પણ લાગુ ના પડે ? આપણા પૂર્વજ વાનરભાઈને કદાચ આગલા બે પંજામાં કાંટા-ઝાંખરા ભરાવાને કારણે ઊભા રહેવાની આદત પડી હોય. અને આમ ચોપગામાંથી બે પગા બની, કાળક્રમે માનવ સ્વરૂપે હાથોના ઉપયોગ દ્વારા જીવસૃષ્ટિમાં જે પ્રકારે હલચલ મચાવી દીધી એ તો આપણે જાણીએ છીએ. પણ વાનરભાઈવાળી આ મહત્ત્વની બીના ક્યારે ઘટી તેની કશી નોંધ નથી. પરંતુ મારી પાછળ બેસીને હોડીનું સુકાન સંભાળતા સુજલના કિસ્સાનો તો હું પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સાક્ષી હતો. તેનું અસ્તિત્વ માનવ ઉત્ક્રાંતિક્રમનો મહવપૂર્ણ તબક્કો ના ગણાય ? શું એ સંભવિત નથી કે આપણી ભાવી પ્રજા તેની જેમ જળ-સ્થળમાં જીવંત રહેવાની ક્ષમ્યતા સાથે જન્મશે ?

મને લાગ્યું કે જો હું આ રહસ્ય તવને વૈજ્ઞાનિક પરીક્ષણ દ્વારા સિદ્ધ કરાવું તો સુજલ જોડે માઢ નામ પણ ઈતિહાસમાં અમર...

‘‘ધડુમ ! ધડુમ ! ધડુમ !’’ના અવાજોએ મારી વિચારધારામાં ભંગ પડયો.

‘‘માયાબંદરની ખાડી પાછળ આપણા જહાજી બેડાએ

**સુજલની સાહસકથા — નલિન મહેતા — પ્રકાશક : ભદ્રા મહેતા**

કવાયતની શરૂઆત કરી દીધી લાગે છે.’’ સુજલ બોલ્યો ‘‘અને પેલી ટેકરીની હારમાળા જેવું જણાય છે તેને બીજે છેડે તમારૂ માયાબંદર હોવું જોઈએ.’’

‘‘કદાચ કોઈ કાળાં વાદળ ેનું ઝુંડ પણ હોય.’’ ગઈકાલનો કડવો અનુભવ યાદ આવતાં મેં કહ્યું. પછી એકાએક સુજલને પૂછી નાખ્યું : ‘‘ હવે તો તમને તમારી આંતરિક શકિતને જાહેર કરવામાં વાંધો નહિ હોય ?’’

‘‘બેબસન અને નીનો સાથેના મારા અનુભવો જોતાં મને લાગે છે કે હું અત્યારે જેમ છું એ જ ઠીક છે. અને તેમની વાત પરથી યાદ આવ્યું કે મારે હજી પોર્ટબ્લેર થઈ કલકત્તા પહોંચી સોલી અંકલને ફોન કરવાનું કામ બાકી છે. ઘોઘા ભાવનગર વચ્ચે આવેલ દરિયાઈ ગુફા જયાં બેબસને સોનું સંતાડેલું છે, તે વિષે તેમને જણાવવું જરૂરી છે. સરકાર દ્વારા આસપાસના વિસ્તારોની નાકાબંધી કરી ડાયનામાઈટ વડે ટેકરીને ઉડાડી સોનું પ્રાપ્ત કરવામાં એમને ખાસ મુશ્કેલી નહિ પડે.’’

‘‘પરંતુ મારી આગળ તો તમારો રાઝ તમે છતો કરી જ દીધો છે તેનું શું ?’’ મેં મારી વાતને વળગી રહેતાં દલીલ કરી.

‘‘એ પરિસ્થિતિ જુદી છે. જે ખાસ સંજોગોમાં આપણી ગુફતેગુ થયેલી તે જોતાં તમે કહેવા જશો તો પણ તમારી વાત માનશે કોણ ? અને હવે પેલી લાકડાની જેટ્ટી જોયા પછી તો તમારે માનવું પડશે કે મે તમને માયાબંદર સહીસલામત પહોંચાડી દીધા છે.’’

હું મોં વકાસીને તેની સામે જોઈ રહ્યો.

# ઊઘડયાં અંતરદ્વાર

**કયાં કદી સમજાય છે...?**
**ઢાઈ અક્ષર પ્રેમના ક્યાં કદી**
**સમજાય છે,**
**એના વિનાનું જીવન ક્યાં**
**કદી સમજાય છે ?**
**આ પ્રેમના આધાર પર**
**આકાશ શું ઊભું હશે ?**
**છે અદીઠું તોય વાદળ**
**વરસતું જાય છે.**
**મૂળમાં છે પ્રેમ વ્યાપીને રહ્યો**
**ચારે તરફ,**
**વૃક્ષ લીલુછમ્મ બની, દઈ**
**છાંયડો હરખાય છે.**
**છે પ્રેમનો આધાર જગમાં**
**વાત નિશ્ચે જાણજો,**
**એ પ્રેમને લીધે જ પીડા ક્યાં**
**કદી વરતાય છે.**
**જોઈ લો આ પ્રેમને તે**
**નિતનવી લીલા કરે**
**મોરપિચ્છ એના વિના તો**
**ક્યાં કદી લહેરાય છે.**
**– ડો. હરીશ દ્વિવેદી**

કબીરદાસજીએ તો કહી દીધું કે ઠાઈ અક્ષર કા પ્રેમ પદે સૌ પંકિત હોય પરંતુ પ્રેમના એ અઢી અક્ષર વાંચીને સમજવા ખૂબ જ અઘરા છે. મોટા મોટા પંડિતો પણ ત્યાં થાપ ખાઈ જતા હોય છે. બસ પ્રેમના આ અઢી અક્ષર સમજી લીધા તો બેડો પાર. અખંડ બ્રહ્માંડ પ્રેમના આ અઢી અક્ષરમાં સમાયેલું છે. એના વિના જીવનને પણ આપણે સમજી શકીશું નહીં, કારણ કે પ્રેમ અને જીવન બંને અન્યોન્ય પર આશ્રિત છે. જો પ્રેમતવનો આવો મોટો મહિમા હોય તો એવો પ્રશ્ન જરૂર થાય કે આ આકાશ પણ શું પ્રેમને આધારે જ ઊભું હશે? તો એનો જવાબ પણ હા છે. એ આધારને આપણે જોઈ શકતા નથી, પરંતુ પ્રેમના એ અદીઠા આધારને કારણે તો વાદળ વરસીને ધરતીને ધન્ય કરતું હોય છે.

આ રીતે જોઈએ તો અત્ર-તત્ર-સર્વત્ર બધાના મૂળમાં આ પ્રેમતત્વ જ વ્યાપીને રહેલું છે. એના સિંચન થકી તો વૃક્ષો લીલાંછમ્મ બનીને લોકોને પોતાનો શીતળ છાંયડો આપી હરખાઈને ઝૂમી રહ્યા છે. એના ઉપરથી એક વાત તો નિશ્ચિત છે કે આ જગતમાં પ્રેમ એ બધાનો સર્વાધાર છે. એ પ્રેમને કારણે જ મોટામાં મોટી પીડાનું દુઃખ પણ વિસરાઈ જતું હોય છે. હવે આ પ્રેમના સ્વરૂપની વાત કરીએ તો એ કેવો હશે? તો એ નિતનવી લીલા કરતો હોય છે. એને માટે એવું કહેવાયું છે કે,ક્ષળે ક્ષળે યન્નવતામુપૈતિ અર્થાત તે ક્ષણે ક્ષણે અવનવાં રૂપો ધારણ કરતો હોય છે. પ્રેમની વાત આવે એટલે શ્રીકૃષ્ણની બાળલીલાઓ અને મોરપિચ્છનું સ્મરણ થઈ આવે. ગોપ-ગોપીઓના એ પ્રેમને કારણે જ મસ્તક ઉપર ધારણ કરેલ મોરપિચ્છ હવામાં લહેરાતું હોય છે. આ બધો પ્રેમનો જ પ્રતાપ છે। પણ આપણને એ કયાં કદી સમજાય છે?

# પપૈયું સ્વાસ્થ્ય અને સૌંદર્યવર્ધક ફળ

ગુણકારી ફળ પપૈયામાં વિટામીન એ, બી, સી અને ડી સારા પ્રમાણમાં હોય છે. પપૈયાના સેવનથી નેત્રરોગ, મૂત્રાશય કિડની સંબંધી રોગ, હાડકાંના રોગ, વધુ ઉચ્ચ લોહી દબાણ જેવી બીમારીઓ પણ નિવારી શકાય છે.

પેટની બીમારી માટે તો કાચું પપૈયું અને ખાસ કરીને પપૈયાનું દૂધ રામબાણ ઔષધરૂપ છે.

# ભણેલા કોણ ?


ભણેલા કોને કહેવાય ? માતા-પિતાની સેવા કરનાર ગુરૂજનોનું બહુમાન કરનાર ધર્મ પ્રત્યે પ્રેમ રાખનારપાપ કરતાં ડરનાર પરોપકારનાં કાર્યો કરનાર સત્યનો પક્ષ લેનાર

# મર્દ તેહનું નામ

મર્દ તેહનું નામ, સમો આવ્યો કે ચાલે;
કનક કામિની તજી, સજી રણમાં મ્હાલે.
મર્દ તેહનું નામ, ડરે નહિ રણે જવાથી;
હોંશે ચડે તોખાર, ડગે નહિ રિપુ મળ્યાથી.
મૂકે મર્દ તેહનું નામ, મરે પણ પણ નવ મૂકે;
ધીર ધરી શૂરભેર, તાક્યું નિશાન ન ચૂકે.
મર્દ તેહનું નામ, ચળકતાં શસ્ત્રો જોઈ;
ઊછળી કરતો હાથ, કીર્તિ ઊજળી પર મોહી.
મર્દ તેહનું નામ, રડે નહિ ઘાવ લીધાથી;
પડ્યો પડ્યો પણકહે, કાઢ શત્રુને અહીંથી.
મર્દ તેહનું નામ, ભોગવે શ્રમે રળેલું;
સિંહ સરીખો તેહ, ખાય નહિ ઘાસ પડેલું

**કવિ નર્મદ**

# આ મારું ચિત્ર છે





દ્રષ્ટી રવજીભાઈ સોલંકી
(ધોરણ-૫, રૂપાયતન સ્કુલ-અમરેલ)



ખુમાણ સ્નેહા પી.
(ધોરણ-૭, રૂપાયતન પ્રા.શાળા)



ખુમાણ તક્ષ જગદીશભાઈ
( ધોરણ-૫ રૂપાયતન સ્કુલ -અમરેલી)



દેવગણિયા ધ્રૃવિલ એ.
( ધોરણ-૬, રૂપાયતન સ્કુલ - અમરેલી)

# અમરેલી નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ










અમરેલી નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા– ૨૦૨૫ '' અભિયાનનો ગતરોજ ઉત્સાહભેર પ્રારંભ થયો છે. આ અભિયાનની થીમ મુજબ '' સ્વચ્છોત્સવ''ને કેન્દ્રમાં રાખી નગરપાલિકા વિસ્તારમાં ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ, બ્લેક સ્પોટ, જાહેર બજાર, જાહેર રોડ રસ્તા, રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે ઉપરાંત સ્વચ્છતા લક્ષિક એકમો (સીટીયુ) અને બ્લેક સ્પોટની સાફ–સફાઈ ઝુંબેશનું આયોજન પણ કરવામાં આવ્યું છે. '' સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' અભિયાન અંતર્ગત શહેરમાં નાગનાથ ચોક, રાજકમલ ચોક, ટાવર રોડ, લાયબ્રેરી રોડ સહિતના વિસ્તારમાં જનજાગૃત્તિ રેલી યોજાઈ હતી. રેલીમાં શાળાના બાળકો પણ જોડાયા હતા. શાળાના બાળકોએ અમરેલી સ્થિત એસ.ટી બસસ્ટેશન ખાતે નાટકના માધ્યમથી લોકોને જનજાગૃત્ત કર્યા હતા. ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' અભિયાન અંતર્ગત બાળકોને કચરાના યોગ્ય નિકાલ અને તેનું વ્યવસ્થાપન, કચરા સંબંધિત રીડ્યુસ, રી–યુઝ, રી–સાયકલ સિદ્ધાંતો, સ્વચ્છતાલક્ષી આદતો સહિતની બાબતે માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અમરેલી નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' અભિયાન અંતર્ગત આયોજિત જનજાગૃત્તિ રેલીમાં નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીબાણી, સભ્ય હરિભાઈ કાબરીયા, અમીનભાઈ હોત, તુલશીભાઈ મકવાણા ઉપરાંત નગરપાલિકા ચીફ ઓફિસર પણ ઉપસ્થિત રહ્યા હતા.


### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ **સૈફીના ફારુકભાઈ નથવાણી** હતું, જે બદલીને નવું નામ **સૈફીના ફારુકભાઈ નથવાણી** કરેલ છે. હવે પછીથી હું મારા નવા નામથી ઓળખાઈશ. જેની સર્વેએ નોંધ લેવી.

**સહી : સૈફીના ફારુકભાઈ નથવાણી**

**:: સરનામું ::**

**નથવાણી ફારુકભાઈ નથવાણી, ચિતલ રોડ, ખોજાસમાજની વાડી પાસે, મું.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી. (ગુજરાત)– ૩૬૫૪૨૧**


### ગાંધીનગરમાં PM આવાસ યોજનામાં લાંચ માંગી

# ૭૦ હજારની લાંચ માંગનારા GUDAના બે કર્મચારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પાસેથી ૭૦ હજારની લાંચ લેતા ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના બે કર્મચારીને એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની ટીમે રંગે હાથે ઝડપી પાડ્યા છે. ACBએ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (GUDA)ના આઉટ સોર્સ સુપર વાઈઝર અને ક્લાર્કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વેઈટિંગ લિસ્ટમાં રહેલા લાભાર્થી પાસેથી ૭૦ હજારની માંગણી કરી હતી. જેમાં ફાઈલ ઝડપી ક્લિયર કરવા અને મકાનના દસ્તાવેજ સહિતની કામગીરી માટે રૂેઢછના કર્મચારીએ લાંચ માગી હતી. સમગ્ર મામલે છઝઅને જાણ કરતાં બંને કર્મચારીને ઝડપી પાડવા ટ્રેપ ગોઠવવામાં આવી હતી. છઝઅ ટ્રેપ ગોઠવીને રોહન પાર્કર અને નયન પરમાર નામના બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની ગૌરસમી ફોરવર્ડ હાઈસ્કૂલનાં**

અવરજવરથી બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે.

વધુમાં જણાવેલ છે કે, ટ્રસ્ટીઓ હાઈસ્કૂલનાં મેદાનને ભાડા આપવામાં પણ નાણાકીય ગેરરીતિ કરી રહ્યા છે અને જે રકમ મળે છે તે હાઈસ્કૂલનાં વિકાસ માટે ખર્ચ કરવાને બદલે નાણા ઘરભેગા કરે છે. હાઈસ્કૂલને બચાવવા શિક્ષકો મહિને ૪ હજાર અને પોતે ૧૫ હજાર ઘરનાં ભોગવી રહ્યાનું અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ચમારડી ખાતે ''સરદાર સન્માન યાત્રાનું''**

આભાર વ્યકત કર્યો હતો. ત્યારે સરદાર સન્માન યાત્રામાં શકિતધામ આશ્રમ આઈ શ્રી વાલબાઈ માં અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત સહિત બાબરા તાલુકાના અને અમરેલી જિલ્લામાંથી રાજકીય પક્ષોના આગેવાનો તેમજ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. ત્યાર બાદ સરદાર સન્માન યાત્રા રાત્રિ રોકાણ ચમારડી અને સવારે ૮ વાગ્યે બાબરા આવી પહોંચી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **ચલાલાનાં કેનાલપરાનાં ખેડુતનું**

મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ ફરીયાદ ન લેતા ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો. પરિસ્થિતિની ગંભીરતા જોઈને ગોપાલ ઈટાલીયા પોતે જ પોલીસ મથકે બેસી ગયા હતા.

ઈટાલીયાએ મહિલા પોલીસ અધિકારી સમક્ષ રજૂઆત કરી હતી કે પીજીવીસીએલ તંત્રની સીધી બેદરકારીને કારણે ખેડૂતનો જીવ ગયો છે. માત્ર એડી નહીં પરંતુ ગુન્હો દાખલ થવો જોઈએ જેથી તંત્ર પોતાની જવાબદારી નિભાવે. પોલીસ અધિકારીઓએ ઈટાલીયાને સમજાવ્યું કે હાલમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે. પરંતુ ઈટાલીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે મૃતકના પરિવારને ન્યાય મળશે ત્યાં સુધી તેઓ લડત ચાલુ રાખશે.

આ ઘટનાને પગલે અમરેલી જિલ્લામાં રાજકારણ ગરમાઈ ગયું છે. ગોપાલ ઈટાલીયાના આંટાફેરા અને ખેડૂતોના હિત માટેની તેમની તીવ્ર રજૂઆતને કારણે સ્થાનિક સ્તરે ચર્ચા ગરમાઈ ગઈ છે. હવે જોવાનું રહ્યું કે પીજીવીસીએલ સામે કાયદેસરની કાર્યવાહી થાય છે કે નહીં અને ખેડૂતોને ન્યાય મળે છે કે નહીં.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૦૧ | ૯૨૨ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૨૫ | ૯૩૦ |
| ૩ | શિંગ મોટી | ૬૦૦ | ૧૧૧૭ |
| ૪ | શિંગદાણા | ૧૧૭૫ | ૧૨૫૧ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૪૮ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૪૧૯૦ |
| ૮ | બાજરો | ૨૮૧ | ૩૬૧ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૬૬૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૯૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૩૬ | ૫૭૫ |
| ૧૨ | મગ | ૭૭૦ | ૧૩૫૦ |
| ૧૩ | અડદ | ૭૨૫ | ૧૩૫૧ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૧૭૬ |
| ૧૫ | સફેદ ચણા | ૮૬૦ | ૧૧૩૯ |
| ૧૬ | છોલે ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૭ | તુવેર | ૯૨૦ | ૧૧૫૯ |
| ૧૮ | કપાસ | ૭૦૦ | ૧૫૫૫ |
| ૧૯ | એરંડા | ૧૨૫૫ | ૧૨૭૧ |
| ૨૦ | જીરૂ | ૧૯૦૦ | ૩૫૭૦ |
| ૨૧ | ધાણા | ૧૧૫૨ | ૧૩૪૪ |
| ૨૨ | મેથી | ૭૧૦ | ૮૯૦ |
| ૨૩ | સોયાબીન | ૭૯૦ | ૮૧૮ |
| ૨૪ | રજકાનું બી | ૭૦૦૦ | ૭૫૦૦ |
| ૨૫ | કાંગ | ૪૮૮ | ૪૮૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૫ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૫૮૦ | ૭૨૦ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૫૪૬ |
| ૪ | ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૫ | શીંગ ફાડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૬ | અડદ | ૧૨૩૧ | ૧૨૩૧ |
| ૭ | સોયાબીન | ૭૫૦ | ૭૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૬૫૦ | ૮૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૬૧ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૪૦૧૨ |
| ૪ | કપાસ | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૮૫ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૮૦ |
| ૮ | જુવાર | ૫૮૦ | ૭૮૦ |
| ૯ | મકાઈ | – | ૮૦૧ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૨ |
| ૧૨ | તુવેર | ૯૫૦ | ૧૦૬૦ |
| ૧૩ | કાંગ | – | ૬૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૩૩૦ | ૧૪૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૧૦ |
| ૩ | મગફળી | ૮૮૦ | ૧૦૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૪૦ |
| ૫ | તલ કાળા | ૨૮૮૫ | ૪૨૭૫ |
| ૬ | અડદ | ૯૯૦ | ૧૨૮૦ |
| ૭ | મગ | ૧૨૮૦ | ૧૪૯૦ |
| ૮ | ચણા | ૧૦૨૦ | ૧૦૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૯ | ૫૧૬ |
| ૪ | તલ કાળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૫ | શીંગફાડા | ૯૬૦ | ૯૬૦ |
| ૬ | કલેંજી | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૭ | સોયાબીન | ૫૦૦ | ૭૭૬ |
| ૮ | અડદ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૯ | તલ સફેદ | ૧૭૨૫ | ૧૭૯૫ |
| ૧૦ | ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૫૧ |
| ૧૧ | મગફળી | ૫૫૫ | ૭૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |

### જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૦૦/૨૦૨૫ તા.૧૨/૦૯/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) ગજેરા અંજવાળીબેન મધુભાઈ, W/O ડોબરીયા રામજીભાઈ
રહે.ગાધકડા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી આંબરડી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ગજેરા અંજવાળીબેન મધુભાઈનો જન્મ તા. ૦૫/૦૮/૧૯૬૪ના રોજ મુ.આંબરડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૬૭૧ | ૧૮૫૧ |
| ૨ | કપાસ | ૯૦૧ | ૧૫૩૦ |
| ૩ | બાજરો | ૩૫૪ | ૫૭૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૬૩ |
| ૫ | જુવાર | ૭૫૦ | ૮૦૦ |
| ૬ | મગ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૭ | અડદ | ૭૮૧ | ૧૧૪૧ |
| ૮ | ચણા | ૮૬૦ | ૧૧૭૨ |

# બાબરામાં સરદાર સન્માન યાત્રાનું ધારાસભ્ય સહિતના અગ્રણીઓ અને સામાજિક સંસ્થાઓ દ્વારા સ્વાગત કરાયું





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બારડોલીથી સોમનાથ સરદાર સન્માન યાત્રા જાણીતા ઉધોગપતિ ગોપાલભાઈ ચમારડી દ્વારા કાઢવામાં આવી છે જે સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રમાં ફરતી ફરતી આજે સવારે બાબરામાં સરદાર સર્કલ ખાતે આવી પહોંચતા અહીં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, જગદીશભાઈ નાકરાણી, કપિલભાઈ ચોવટિયા, હરેશભાઈ આખજા, રસિકભાઈ ગોજરીયા, ભુપતભાઈ બસિયા, શંભુભાઈ પાંચાણી, મુકેશભાઈ ખોખરીયા, અજિતભાઈ ખોખરીયા, ધર્મેશભાઈ વાવડીયા, લલિતભાઈ વેકરિયા સહિત ખોડલધામ, પટેલ સમાજ અને અન્ય સમાજના અગ્રણીઓ અને મહિલાઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી સરદાર યાત્રાનું સન્માન કર્યુ હતું.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરાનાં લાલકામાં આઝાદી બાદ સૌપ્રથમ પીવાના પાણીનો પ્રશ્ન દુર થયો

## ગામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો

અમરેલી, તા. ૧૯

બાબરા તાલુકાના લાલકા ગામમાં વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યાનો હવે અંત આવશે. લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયાસોથી ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગામ માટે નવીન ૧૫૦ મીમી વ્યાસની ડી.આઈ.કે ૭ પાઈપલાઈન માટે અંદાજે રૂ. ૧.૫૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

લાલકા ગામના લોકો લાંબા સમયથી પીવાના પાણીની અછતનો સામનો કરી રહ્યા હતા. આ અંગે ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં રાખીને ધારાસભ્યએ રાજય સરકાર અને પાણી પુરવઠા બોર્ડ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો. તેમના સઘન પ્રયાસોને પરિણામે, આ મહત્વપૂર્ણ યોજનાને તાત્કાલિક મંજૂરી મળી છે.

આ નવીન પાઈપલાઈનના નિર્માણથી ગામના દરેક ઘર સુધી પૂરતા પ્રમાણમાં શુધ્ધ પીવાનું પાણી પહોંચાડી શકાશે, જેનાથી ગ્રામજનોને મોટી રાહત મળશે. આ વિકાસ કાર્ય બદલ લાલકા ગામના સરપંચ અને ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો છે. આ યોજનાનું કામ ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત

# અમરેલીનાં ગાંધીબાગ ખાતે નગરપાલિકા દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયુ

## યોગ નિષ્ણાંતો દ્વારા વિવિધ યોગાભ્યાસ કરવાયો



અમરેલી, તા. ૧૯

ભારત સરકાર દ્વારા ૨જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની શ્રધ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાંઆવેલછે.આવર્ષેસ્વચ્છભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે ''સ્વચ્છતાહીસેવા૨૦૨૫''ને ''સ્વચ્છોત્સવ'' તરીકે ઉજવવાનું નક્કી કરવામાંઆવેલછે.

જે અન્વયે રાજય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી તેમજ આગામી સ્વચ્છ સર્વેક્ષણની પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજયમાં ''સ્વચ્છતા હી સેવા૨૦૨૫'' અભિયાનને તા.૧૭ સપ્ટેમ્બર, ૨૫ થી તા.૩૧ ઓક્ટોબર, ૨૫ સુધી લંબાવી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાંઆવેલછે.

જે અન્વયે અમરેલી નગરપાલિકા દ્વારા આજરોજ નાગરિકોના આરોગ્ય અને તંદુરસ્તી માટે શહેરના ગાંધીબાગ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિરમાં નાગરિકોને શારીરિક, માનસિક તથા આત્મિક આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનો હેતુ રાખવામાં આવ્યો હતો. શિબિર દરમ્યાન અનુભવી યોગ નિષ્ણાતો દ્વારા વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અમરેલી નગરપાલિકા દ્વારા આગલા દિવસોમાં પણ આવા આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજી નાગરિકોને સ્વસ્થ જીવન માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

# અમરેલીની વિવિધ શાળાનાં કુલ ૩૫૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સાયન્સ સિટીની મુલાકાત

અમરેલી, તા. ૧૯

રાજયપરીક્ષાબોર્ડદ્વારાવર્ષ ૨૦૨૫માં લેવામાં આવેલ સી.ઈ.ટી. પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓની વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાઈ અને તેમનામાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે, વિજ્ઞાનના સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજે તેવા ઉમદા હેતુથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની નિઃશુલ્ક શૈક્ષણિક મુલાકાતનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત પ્રથમ તબક્કામાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, કુંકાવાવ તાલુકાના કુલ ૩૫૦ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટી અમદાવાદ ખાતે મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ સાયન્સ સિટી ખાતે એકવાટિક ગેલેરી, એસ્ટ્રોનોમી ગેલેરી, સેર મંડળ, નેચર પાર્ક, રોબોટિક ગેલેરી વગેરેની મુલાકાત વેળાએ વિજ્ઞાનને નજીકથી જાણવાનો અનુભવ મેળ્યો હતો.



ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાના કુલ ૧૦૮૪ વિદ્યાર્થીઓ સી.ઈ.ટી. પરીક્ષામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તરીકે પસંદગી પામ્યા છે. વિદ્યાર્થીઓની સાયન્સ સિટી અમદાવાદની મુલાકાત માટે બી.આર.સી. કો–ઓર્ડિનેટરએ તાલુકા નોડલ અધિકારી તરીકેની સંચાલનની જવાબદારી નિભાવી હતી. નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલીએ જિલ્લા નોડલ તરીકેનું સમગ્ર સંચાલન તેમજ સંકલન કર્યુ હતું તેમ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સાવરકુંડલા શહેરમાં સરદાર સન્માન યાત્રાના સુસ્વાગત માટે ચાલતી તડામાર તૈયારીઓ




સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા શહેરમાં તારીખ ૨૧ ના રોજ બારડોલી થી સોમનાથ સરદાર સન્માન યાત્રા સંદર્ભે અહીંથી પસાર થનાર આ યાત્રાની ધામધૂમથી સ્વાગત કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ અને વેપારી સંગઠનો દ્વારા આ સંદર્ભે એક મિટિંગનું આયોજન પણ થયું હતું તો પટેલ વાડી શિવાજીનગર ખાતે પણ સરદારના આ સન્માન યાત્રાના સ્વાગત માટે કોઈ કચાશ ન રહે તે માટે વિગતે ચર્ચા કરવામાં આવેલ સાવરકુંડલા શહેરમાં તા. ૨૧ના રોજ સવારે આઠ વાગ્યે આ યાત્રા પ્રવેશ કરશે તે સંદર્ભે સાવરકુંડલાના મુખ્ય માર્ગ કે જયાંથી આ યાત્રા પસાર થવાની છે એ માર્ગ પર આ યાત્રાના સ્વાગત સંદર્ભ વિવિધ સંગઠનો અને મહાનુભાવો દ્વારા સ્વાગત બેનર પણ લગાવવામાં આવી રહ્યાં છે.

### યુવા નેતા મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં પ્રધાન મંત્રીનાં જન્મદિને ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજાઈ

## સરદાર પટેલ ગ્રુપ દ્વારા આયોજન



અમરેલી, તા. ૧૯

સરદાર પટેલ ગ્રુપના સ્થાપક પ્રમુખ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સરદાર પટેલ ગ્રૂપ દ્વારા નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, શાસનાધિકારી આશિષ જોષી , ભાર્ગવભાઈ ત્રિવેદી, આચાર્ય વિજયભાઈ મયાત્રા, આચાર્ય ભ્રમિત સિંહ ચૌહાણ સહિત મહાનુભાવોની ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યકરમણિ શરૂઆત કરવામાં આવેલ હતી તેમજ આ કાર્યક્રમનું સંચાલન જીજ્ઞેશ દાફડા દ્વારા કાર્યક્રમનું સુચારૂ સંચાલન કર્યુ હતું. આ નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતુ તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સરદાર પટેલ ગ્રુપના ભાવેશભાઈ વાળોદરા, સાગરભાઈ મહેતા, સાગર ગેડીયા, અજય રાઠોડ, નિરવ ભાસ્કર, નીતીનભાઈ હિરાણી, મુકેશભાઈ ચૌહાણ, કેવલભાઈ ચાવડા, અક્ષય ટીમાણીયા, સહદેવ મકવાણા, તુષારભાઈ વાણી, મહાદેવ ઠાકર સહિત તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી હતી.

# આસોદર પ્રાથમિક શાળામાં બાળકોને ભોજન પ્રસાદ કરાવાયો



દામનગર, તા. ૧૯

દામનગર આસોદર પ્રાથમિક શાળામાં તારીખ. ૧૮/૯/૨૦૨૫ ને ગુરૂવારના રોજ કિરીટકુમાર કનૈયાલાલ જાની મૂળ આસોદર હાલ મુંબઈ તરફથી તેમના પિતા સ્વ.કનૈયાલાલ અંબાશંકર જાની (ભૂતપૂર્વ આચાર્ય) ના સ્મરણાર્થે આસોદર પ્રાથમિક શાળા પરિવાર, વાવડીયા કે.વી. વિદ્યામંદિર પરિવાર તમામ આંગણવાડી પરિવારને અમૂલ ઘી થી બનાવેલ ફુલડીસથી ભાવથી જમાડેલ તેમજ સફાઈ કામદાર, મધ્યાહન ભોજન સ્ટાફને રોકડ અને નવા વસ્ત્રો આપી હૃદયના ભાવથી સન્માનિત કરેલ. ગામના શાળા આસપાસના સામાન્ય પરિવારને પણ ઘેર ઘેર પ્રસાદ આપેલ. શાળાને પણ સ્મૃતિ રૂપે પીપળ પર્ણ અર્પણ કરી વતન પ્રત્યેનું ઋણ ચુકવેલ, વતન પ્રત્યેની લાગણીઓને સૌ સલામ.

### કોંગી સાંસદ શકિતસિંહ ગોહિલનુ નિવેદન

# પ્રધાનમંત્રી ભવિષ્યનાં ખોટા સપનાઓ બતાવવા કરતા જુના વચનોને પરિપૂર્ણ કરે

## અમદાવાદનાં ક્રિકેટ સ્ટેડિયમને સરદાર પટેલ નામ આપવા માંગ

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવકતા અને રાજય સભાના સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આપણા દેશના વડાપ્રધાન આવતીકાલ તા. ૨૦/૯/૨૦૨૫ના રોજ ભાવનગર ખાતે આવી રહ્યા છે, કારણ કે ભાવનગર મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે લાખો કરોડના નવા કામોની જાહેરાતો અને ભવિષ્યના ખોટા સપનાઓ દેખાડતી વિડિયો રજુ કરીને લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા અને સંસદ સભ્ય શકિતસિંહ ગોહિલે હાલના વડાપ્રધાનના ભાવનગર ખાતે તેઓએ તા. ૧/૫/૨૦૦૬, ૨૬/૧/૨૦૧૨ તથા અગાઉના સમયમાં જે પ્રવચનો આપીને વચનોની લહાણી કરી હતી તે પ્રવચનોના વિડીયો તેમજ ભાવનગરથી દહેજ, હાંસોટ બારમાર્ગીય રોડ બની જશે, કલ્પસર યોજના બની જશે, ૨૦૨૦માં ભાવનગર અને સૌરાષ્ટ્રના લોકો ૧૩૬ કિ.મી.માં જ સીધા સુરત સુધી પહોંચી શકશે અને બારમાર્ગીય મોટો હાઈવે બની જશે જેથી ૨૦૨૦માં સુરત અને ભાવનગર વચ્ચે ૭૫,૦૦૦ વાહનો વાયા બગોદરા નહીં પરંતુ સીધા સુરત અને ભાવનગર વચ્ચે વાયા દહેજ, હાંસોટના રસ્તે ચાલશે. ભાવનગર ખાતે બનેલા કલ્પસરના ઉપર બનેલા બારમાર્ગીય રસ્તાની સાથોસાથ બ્રોડગેજની મોટી રેલવેલાઈન પણ નાખી દેવામાં આવશે આવી બધી જાહેરાતો કરીને વીડિયો અને પ્રવચનમાં કહેવાયું હતું કે આ એક મોટો ગોલ્ડન કોરીડોર બની જશે અને ભાવનગરની જનતા સૌથી વધારે લાભાન્વિત થઈ જવાની છે અને સૌરાષ્ટ્રનું મુખ્ય દ્વાર ભાવનગર બની જવાનું છે.

મુખ્યમંત્રીના જુના પ્રવચનોની આ બધી વિડિયો પ્રેસ અને મીડીયાને રજૂ કરાયા બાદ ગોહિલે એ પણ જણાવ્યું હતું કે, ભાવનગરમાં તા. ૨૬/૧/૨૦૧૨ના રોજ હાલના પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે ભાવનગરની જહાંગીર મિલના કમ્પાઉન્ડમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો ડાયમંડ પાર્ક બનાવી દેવામાં આવશે, ભાવનગરમાં જુદી જુદી જગ્યાએ જીઆઈડીસીઓ બનાવી દેવામાં આવશે એવી પણ જાહેરાતો કરી હતી. આ ઉપરાંત, ભાવનગરમાં મહુવા, સરતાનપર અને મીઠી વીરડીને રાષ્ટ્રીય કક્ષાના બંદરો વિકસાવવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. સત્ય હકીકત એ છે કે ચૂંટણીઓના સમયે વારંવાર આવી મોટી અને ખોટી જાહેરાતો બાદ હકીકતમાં ભાવનગરને કરેલી જાહેરાતો પૈકી કશું જ મળ્યું નથી.

આવતીકાલે ભાવનગર ખાતે આવતા વડાપ્રધાન પાસે કોંગ્રેસ પક્ષ દ્વારા નીચે મુજબની માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. (૧) જૂની જાહેરાતો સંપૂર્ણ ઠગારી નીવડેલી છે માટે પ્રધાનમંત્રી ભાવનગરમાં જાહેરમાં ભાવનગરની જનતાની માફી માંગે. (૨) સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિનું વર્ષ છે ત્યારે અમદાવાદ ખાતેનું ક્રિકેટ સ્ટેડિયમ કે જે સરદારના નામ પર હતું તેને બદલાવીને હાલના વડાપ્રધાનના નામે કરાયું છે તે ક્રિકેટ સ્ટેડિયમને પુનઃ સરદાર વલ્લભભાઈ પટેલના નામનું જાહેર કરવામાં આવે અને ક્રિકેટ સ્ટેડિયમ પર સરદારનું નામ લગાવવામાં આવે. (૩) ભાવનગરના લોકોને રોજી પૂરી પાડતાં ડાયમંડ અને શીપ બ્રેકિંગના માટે ખાસ પેકેજ અને સહાયક પોલીસી જાહેર કરવામાં આવે. (૪) કપાસ, ડુંગળી અને મગફળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ બિલકુલ મળતા નથી ત્યારે તાત્કાલિક ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે અને ખેડૂતોને કાયમી પોષણક્ષમ ભાવ મળે તે માટે એમએસપીનો કાયદો કેન્દ્ર સરકાર ત્વરિત સંસદમાં પસાર કરે. (૫) અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં પારાવાર નુકસાન થયું છે એવા વિસ્તારોની વડાપ્રધાન ખુદ વિમાનમાંથી નીચે ઉતરી મુલાકાત લે અને અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નોને રૂબરૂ સાંભળે. (૬) ભાવનગરમાં ચૂંટણી સમયે અંધ ભકતોએ કહ્યું હતું કે મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતીય જનતા પાર્ટીના હાલના વડાપ્રધાન ભારત રત્ન એનાયત કરી દેવાના છે તો હવે તાત્કાલિક પ્રાતઃસ્મરણીય મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારત રત્ન આપવામાં આવે. (૭) ભાવનગરમાં આલ્કોક એશડાઉન કંપની અનેક જહાજો બનાવીને લોકોને રોજી પૂરી પાડતી સરકારી કંપની હતી, તે બંધ કરીને ભાવનગરને જે અન્યાય કરવામાં આવ્યો છે, તે તાત્કાલિક દૂર કરવામાં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

### નાયબ ઈજનેર કાલાણીનો ઉમદા પ્રયાસ

# અમરેલી પીજીવીસીએલ દ્વારા ચિત્તલ હાઈસ્કુલમાં સોલાર રૂફટોપ અંગે વિવિધ માહિતી આપવામાં આવી

## સૂર્યઘર યોજના, સબસીડી, પવન ઉર્જા વિગેરે અંગે માહિતી અપાઈ



અમરેલી, તા. ૧૯

મોડેલ સોલાર વિલેજ સ્પર્ધાના અનુષધાને વીજળીની બચત અને વીજ સલામતીના ભાગ રૂપે ચિતલ હાઈસ્કૂલમાં બાળકોને સમજણ આપવાનો કાર્યક્રમ ચિતલ ગામે પીજીવીસીએલના નાયબ ઈજનેર એમ. એચ. કાલાણી દ્વારા પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના અને વીજળીની સલામતી હેઠળ બાળકો કે જે દેશનું ભવિષ્ય છે તેઓને સોલાર રૂફટોપ અંગેની માહિતી અને સોલાર સબસીડી, પવનઊર્જા જેવી ગ્રીન એનર્જીની માહિતી તથા વીજળીની બચત કરવી અને વીજ સલામતીમાં શું ધ્યાન રાખવું અને સલામતી રાખવી તેની સમજણ આપવામાં આવેલ હતી. કાર્યકમના અંતમાં વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ હતી તેમાં બાળકોને ઘણી સારી માહિતી આપેલ હતી. અને નાયબ ઈજનેર કાલાણી દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરીને સુંદર પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ. બાળકોને આવી સુંદર માહિતી આપવા બદલ ચિતલ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ તથા શિક્ષક ગણ દ્વારા આભાર માનવામાં આવેલ હતો.

# અમરેલીમાં વિદ્યાર્થીઓએ સ્વદેશી ચીજ–વસ્તુઓ અપનાવવાની પ્રતિજ્ઞા લીધી



ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાનએ સતત અને અવિરત દેશના વિકાસ માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે વર્ષ ૨૦૪૭માં ''વિકસિત ભારત'' દેશ બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. આ સપનું અંદાજે ૧૪૦ કરોડથી વધુ દેશવાસીઓનું છે. આ સપનાને સાકાર કરવા માટે દેશમાં ''આત્મનિર્ભર ભારત'' અને વિદેશી ચીજ–વસ્તુઓની જગ્યાએ ''મેડ ઈન ઈન્ડિયા'' પ્રોડકટના ઉપયોગનું વડાપ્રધાનએ આહ્વાન કર્યું છે. ''સ્વદેશી અપનાઓ'' અભિયાન અન્વયે અમરેલીમાં સૌપ્રથમવાર સ્કૂલના બાળકોએ અનોખી રીતે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરી છે. સ્કૂલના કુલ ૭૫ વિદ્યાર્થીઓએ શહેરના ૭૫ મોટા વેપારીઓને ત્યાં રૂબરૂ મુલાકાત લીધી હતી. સાથે વિદ્યાર્થીઓએ વેપારીઓને CERTIFICATION OF APPRECIATION પણ આપ્યા હતા. સ્કૂલના વિદ્યાર્થીઓના સ્વદેશી ચીજ વસ્તુઓ અપનાવવાની આ ઉમદા અને અનોખી ઉજવણીમાં શાળાના શિક્ષકો પણ ઉત્સાહભેર જોડાયા હતા. બાળકોએ શહેરના વેપારીઓને ''Made in India products''ને વધુ પ્રોત્સાહન આપવા તેમ જ ''Make in India'' અભિયાનમાં યોગદાન આપવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે શરૂ થયેલ અભિયાનમાં સહભાગી બનવા આહ્વાન કર્યું હતું. સ્કૂલના વિદ્યાર્થીઓની ઉમદા પહેલને અમરેલીના વેપારીઓએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો હતો અને આ પહેલને બિરદાવી હતી. વેપારીઓએ આત્મનિર્ભર ભારતની સંકલ્પનામાં યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

### દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલરા નામના

# ધારીના કેનાલપરા ગામના વૃધ્ધનુ ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી મોત થયુ

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૧૯

ધારી તાલુકાનાકેનાલપરા ગામે રહેતા દેવચંદભાઈ ગોવીંદભાઈ પોલરા નામના ૬૬ વર્ષિય વૃધ્ધ ખેડુતને ગત તા. ૧૮ ના રોજ સવારના ૧૦/૧૫ વાગ્યે કેનાલપરા ગામે ભાવેશભાઈ બાલુભાઈ અંટાળાની વાડીએ કોઈ કારણોસર ઈલેકટ્રીક શોક લાગવાથી લાગવાથી વૃધ્ધનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### માતૃભુમિની દિવસ–રાત સુરક્ષા દરમિયાન

# દામનગરનાં ધામેલ ગામનો યુવક મેહુલ ભુવા કાશ્મીર ફરજ દરમિયાન વીરગતી પામ્યા

### આજે શહીદ વ્હોરનાર જવાનના દાહ સંસ્કાર કરાશે



દામનગર, તા. ૧૯

દામનગરના ધામેલ ગામના કાશ્મીર ફરજ દરમ્યાન વીરગતી પામેલ શહીદ વીર જવાન મેહુલ ભુવાનો પાર્થિવ દેહ માદરે વતન માટે આજે સત્તાવાર રવાના શનિવારે વતન ધામેલ ગામે અંતિમ દર્શનબાદ વીર જવાન મેહુલ ભુવાનો પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં વિલીન કરાશે. રાષ્ટ્ર રક્ષા કાજે કાશ્મીર ખાતે શહીદી વહ?રનાર જવાનના પુરા અદબથી સન્માન સાથે માદરે વતન ધામેલ ગામે લવાશે અને શહીદ જવાનને સમગ્ર ગામની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ દર્શનબાદ દાહ સંસ્કાર કરાશે ખૂબ મોટો ચાહક વર્ગ ધરાવતા મિલન સાર સ્વભાવના સેનિક મેહુલ ભુવા શહીદ થયાના સમાચારથી સમગ્ર પંથકમાં ગાનગીની વ્યાપી જતી માતૃ સંસ્થાન ઉત્તર બુનિયાદી શાળાના પૂર્વછાત્ર મેહુલ ભુવા વીરગતિ પામ્યાના સમાચારથી સમગ્ર પંથક શોકાતુર બન્યો છે. શનિવારે માદરે વતન ધામેલ ગામે વીર જવાનના પાર્થિવ દેહને અંતિમ દર્શનબાદ રાષ્ટ્રીય સન્માન સાથે દાહ સંસ્કાર કરાશે. વીરગતિ પામેલ મેહુલ ભુવાના સમાચારથી સમગ્ર વિસ્તારમાં ભારે ગનગીની વ્યાપી છે.

### વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પોલીસ સ્ટેશને દોડી ગયા

# ચલાલાનાં કેનાલપરાનાં ખેડૂતનું પીજીવીસીએલની બેદરકારીથી મોત થયુ હોય પોલીસ ફરિયાદ દાખલ કરો

### અમરેલી જિલ્લામાં ''આપ''નાં ધારાસભ્યનાં આગમનથી રાજકારણ ગરમાયુ



ચલાલા, તા. ૧૯

ચલાલા તાલુકાના કેનાલ પરા વિસ્તારમાં ગઈકાલે બનેલી દુર્ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી છે. વીજવિભાગની બેદરકારીને કારણે કેબલ વાયર અચાનક નીચે પડતા એક ખેડૂતનું દુઃખદ મોત થયું હતું. આ બનાવ બાદ મૃતકના પરિવારજનો અને ગામજનો સાથે વિસાવદરના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા આજે ચલાલા પોલીસ મથકે પહોંચ્યા હતા.

માહિતી મુજબ, મૃતકના પરિવાર દ્વારા પીજીવીસીએલ તંત્રની બેદરકારી સામે પોલીસ ફરિયાદ કરવાની માંગણી કરવામાં આવી હતી, પરંતુ પોલીસ તરફથી માત્ર અકસ્માતે

અનુસંધાન પાના ૬ ઉપર

## ગાવડકામાં ખુંટિયાએ હડફેટે લેતા એક વ્યકિત ઈજાગ્રસ્ત

બાબાપુર, તા. ૧૯

અમરેલી નજીક આવેલ ગાવડકા ગામે એક ખુંટિયો બેકાબુ થયો છે અને ગામજનોને દોડાવી રહયો હોય ગામજનોમાં ફફડાટ ફેલાયો છે.

દરમિયનમાં જીવનભાઈ કાચાને છાતીમાં ઈજા થતાં સારવારમાં ખસેડાયા છે અન્ય ૩ થી ૪ વ્યકિતઓને પણ દોડાવ્યા હોવાનુ જાણવા મળેલ છે.



### શાળા મેનેજમેન્ટનાં અણઘડ વહીવટથી કંટાળીને

# અમરેલીની ગૌરવસમી ફોરવર્ડ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલએ અચાનક રાજીનામુ ધરી દીધુ

### ટ્રસ્ટીગણ સામે ગંભીર આક્ષેપો કરતા ચકચાર



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં જેનો શિક્ષણ ક્ષેત્રે દબદબો હતો તેવી ગૌરવશાળી ફોરવર્ડ હાઈસ્કૂલ આજે બંધ થવાનાં તબકકે પહોંચી ગઈ હોય તે સમયે હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ મનિષ સિધ્ધપુરાએ આજે રાજીનામુ ધરી દેતા ચકચાર મચી છે.

તેઓએ ટ્રસ્ટીગણ સામે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, હાઈસ્કૂલનું વિશાળ મેદાન બાળકોનાં ઉપયોગને બદલે વ્યાપારિક ધોરણે વાપરવામાં આવી રહ્યું છે. દિવસ દરમિયાન નાના–મોટા વાહનોની

અનુસંધાન પાના ૬ ઉપર


### ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીનાં માર્ગદર્શનતળે તડામાર તૈયારીઓ

# અમરેલી ખાતે આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાશે

### કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ દ્વારા સહકારથી સમૃધ્ધિ પરીસંવાદ પણ યોજાશે

અમરેલી, તા. ૧૯

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમા અમરેલી જીલ્લાની સહકારી સંસ્થાઓની એકસુત્ર વાર્ષિક સાધારણ સભા સાથે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (કાર્ડ) દ્વારા ''સહકાર થી સમૃધ્ધિ પરિસંવાદ''નું આયોજન રાજસ્વી મહાનુભાવો અને પદાધિકારીઓની ઉપસ્થિતીમા યોજાશે. કાર્યક્રમમા લાભાર્થીઓને ચેક વિતરણ, સહકારી મંડળીઓ–દુધ ઉત્પાદન કરતી મંડળીઓને પ્રોત્સાહક સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામા આવેલ છે, ટીમ સહકાર કાર્યક્રમને આખરી ઓપ આપી રહેલ છે.





કૃષિ–પશુપાલન આધારીત અમરેલી જીલ્લાના વિકાસમા સહકારી પ્રવૃતિ અગ્રેસર ભૂમિકા ભજવી રહેલ છે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી – ગૃહ અને સહકારમંત્રી અમીતભાઈ શાહએ ભારતને નવી ઉચ્ચાઈ અપાવવા ''સહકાર થી સમૃધ્ધિ''ના સુત્રને સાર્થક કરવા રાષ્ટ્રિય સહકારી અગ્રણી દિલીપ સંઘાણીના માર્ગદર્શન તળે અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલીયા, ઉપપ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જીલ્લા સહકારી ખરીદ–વેંચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, જીલ્લા સહકારી સંઘના પ્રમુખ યુવા અગ્રણી મનિષભાઈ સંઘાણી, જીલ્લા બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમર ડેરીના એમ.ડી. ડો.આર.એસ. પટેલ, જીલ્લા બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા સહિતની ટીમ સહકાર કાર્યક્રમને આખરી ઓપ આપી રહયા છે. કાર્યક્રમમા સહકારી સંસ્થાઓના પ્રમુખઓ, ડીરેકટરઓ, ખેડૂતો, પશુપાલકો, શ્રમીકો, મહિલાઓ, મંડળી ઓટના પ્રમુખ– મંત્રીઓ અને સભાસદ ભાઈ–બહેનો ઉપસ્થિત રહેશે તેમ અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)